નવા વિચારોનું નવુ માધ્યમ... SOHAM 24

# સોહમ્ ૨૪

સુરેન્દ્રનગરનું લોકલ અખબાર

સાપ્તાહિક

સત્યમેવ જયતે
Soham24

વર્ષ : ૯ અંક : ૪૧ તા.૨૧-૧૧-૨૦૨૪ ( પાના : ૧૨) ગુરૂવાર છૂટક કિંમત રૂ.૫ | તંત્રી : રોહિતભાઈ જી.પરમાર, સહ તંત્રી : અવધેશભાઈ ત્રિવેદી

કોન્ટેક નંબર . ૯૦૩૩૩૦૦૩૪૫ / ૯૮૨૫૮૯૯૬૮૦ www.soham24.com - Email: soham24info@gmail.com

## નમસ્તે સુરેન્દ્રનગર

# એસીબીની ટ્રેપ : ખાણ ખનીજના જુનિયર કલાર્ક રૂ.૧૦ હજારની લાંચ લેતા ઝડપાયા





સુરેન્દ્રનગર :

ખાણ ખનિજ વિભાગમાં ભ્રષ્ટાચાર વિના એક કાગળ પણ ટેબલથી આગળ નથી વધતો ? ખનન માફિયાઓ અને રાજકીય નેતાઓ સાથે ખાણ ખનિજ વિભાગની મીલીભગત જગ જાહેર છે. રાજ્યભરમાં થતા ગેરકાયદે ખનનની યાદીમાં સુરેન્દ્રનગર જિલ્લો અગ્ર હરોળમાં સ્થાન પામતો હોવાની ચર્ચાઓ સાંભળવા મળે છે.

કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર તેના વિભાગો કેવી રીતે કામ કરે છે અને શું કામ કરે છે તેમજ ક્યાં-ક્યાં નાણા ખર્ચે છે ? આ માહિતી જાણવાનો સામાન્ય નાગરિકને અધિકાર છે. આ માહિતી અધિકાર એટલે કે, **Right to Information Act** ભ્રષ્ટાચારની પોલ ખોલવા માટેનો કાયદો એટલે માહિતી અધિકાર. ગુજરાતના લગભગ તમામ સરકારી - અર્ધ સરકારી વિભાગોના ભ્રષ્ટાચારી બાબુઓને **RTI** નો કાયદો પણ પસંદ નથી. ગુજરાત એસીબી એ સુરેન્દ્રનગરમાં નોંધેલા એક લાંચ કેસમાં સામે આવેલી હકિકતે રાજ્ય સરકારમાં ચાલતી બેફામ લાંચિયા વૃત્તિની પોલ ખોલી નાંખતા સનસનાટી મચી જવા પામી છે.

સુરેન્દ્રનગર ખાણ ખનિજ કચેરીમાં સીલીકા રેતીની લીઝ માટે પ્રક્રિયા કરનાર એક નાગરિકની અરજી ફાઈલોમાં દબાઈ ગઈ હતી. લાંબાગાળાથી લીઝની અરજી પડતર હોવાથી અરજદારે આરટીઆઈ અન્વયે ખાણ ખનિજ વિભાગ પાસે માહિતી માગી હતી. જો કે, કચેરી તરફથી આપવામાં આવેલી માહિતી અધૂરી હતી. બાકી માહિતી મેળવવા માટે જુનિયર ક્લાર્ક અમૃત ઉર્ફે આનંદ કહેરભાઇ મકવાણા (ઉ.વ. ૫૭) એ અરજદાર પાસે ૧૦ હજાર રૂપિયાની લાંચ માગી હતી. અરજદારે આ મામલે જામનગર એસીબીના પીઆઈ આર. એન. વિરાણીનો સંપર્ક કર્યો હતો. આથી સુરેન્દ્રનગર બહુમાળી ભવન ખાણ ખનિજ વિભાગના ગેટ પાસે ટ્રેપ ગોઠવવામાં આવેલ. એસીબીના આ છટકામાં અમૃત ઉર્ફે આનંદ ૧૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયો હતો. અત્રે નોંધનીય છે કે, આરટીઆઈની માહિતી આપવા માટે લાંચ માગવામાં આવી હોય તેવો આ સત્તાવાર કેસ ગુજરાત એસીબીના ચોપડે નોંધાયો છે. આમ મળતી માહિતી અનુસાર ૧૦ હજારની લાંચ લેતા પકડાયેલા અમૃત ઉર્ફે આનંદ મકવાણા (રહે. લીંબડી, જિ. સુરેન્દ્રનગર) છેલ્લા દસેક વર્ષથી સુરેન્દ્રનગર ખાતે ફરજ બજાવે છે. અને ૮૫ હજારનો પગાર મેળવતા અમૃત ઉર્ફે આનંદ નામના આધેડ કર્મચારી આગામી બે મહિનામાં ખાણ ખનિજ વિભાગમાંથી નિવૃત્ત થવાના હતા.

# જિલ્લામા ટ્રાફીક પોલીસનો સપાટો..... ઓકટોબરમાં ૨૭૨૬ વાહન ચાલકો દંડાયા



સુરેન્દ્રનગર :

શહેરમાં વધતા જતા ટ્રાફીક સમસ્યાને નિયંત્રિત કરવા અને વધતા જતા વાહન અકસ્માતના બનાવો રોકવા માટે ટ્રાફીક પોલીસ વિભાગ કામ કરી રહ્યુ છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં એસ.પી. ગિરીશભાઈ પંડયાના માર્ગદર્શનમાં ટ્રાફીક પીએસઆઈ એલ.બી.બગડા તથા સ્ટાફના દ્વારા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લાના નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે તેમજ અન્ય ધોરી માર્ગો ઉપર ટ્રાફીક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જેમાં ઓકટોબર-૨૪ માં ટ્રાફીક નિયમભંગ કરનાર ૨૪૭૪ વાહન ચાલકો પાસેથી હાજર દંડ રૂ.૯ લાખ ૧૭ હજાર ૩૦૦ જેટલો વસૂલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૯૫ જેટલા વાહનો ડિટેઈન કરીને રૂ.૩ લાખ ૭૫ હજાર ૭૦૦ નો દંડ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત શહેરમાં ટ્રાફીકને અડચણરૂપ ૧૦૧ જેટલા લારી-ગલ્લાવાળા પાસેથી રૂ.૧૦ હજાર ૧૦૦ નો દંડ અને તમાકુ અધિનિયમ અંતર્ગત ૧૯ જેટલા કેસો નોંધાયા છે. આ કેસ પૈકી રૂ.૧૯૦૦ નો દંડ વસૂલ કરાયો છે. જયારે કેફી પીણુ પી ને વાહન ચાલતા વાહન ચોલકો અને ભય જનક રીતે વાહન ચલાવતા ચાલકો અને ટ્રાફીકને અડચણરૂપ વાહન રાખતા ૩૭ જેટલા ચાલકો સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. આમ સુરેન્દ્રનગર ટ્રાફીક વિભાગ દ્વારા ઓકટોબર માસમાં ૨૭૨૬ વાહન ચાલકો પાસેથી રૂ.૧૩.૦૫ લાખનો દંડ કરવામાં આવ્યો છે. તેમજ ૯૫ વાહન ડિટેઈન કરીને નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

સોહમ્ ૨૪ સાપ્તાહિક

કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Mo. 75750 20982
Email : soham24info@gmail.com




ટચુકડી જાહેરાત — એક લાઈનના રૂ.૧૫/-
(ટચુકડી જાહેર ખબર સોમવાર સાંજ સુધી)

જાહેર ખબરના ભાવ

| ફોર કલરના ભાવ | બ્લેક એન્ડ વ્હાઈટ (અંદરના પાને) |
|---|---|
| અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી. | અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી. |
| છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. | છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી. |
| પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી. | પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી. |

# જગતાત ખાતરની રાહમા કેમ.....

સુરેન્દ્રનગરમાં ડીએપી ખાતરની અછત વર્તાતાનો ડોળ ઉભો કરીને ખેડૂતોને બિનજરૂરી ખાતે આપનું ષડયંત્ર રચાયું હોય તેવા માહોલ વચ્ચે ડીએપી ખાતર સંગ્રહ થઈ રહ્યાની ફરિયાદો લોક મુખે સાંભળવા મળી છે. ઝાલાવાડમાં છેલ્લા એકાદ-બે વર્ષમાં ૨.૧૦ લાખ બોરીની માંગ વધી છે. ત્યારે માંગ વધવાના કારણે એનપીકે અને ડીએપીમા આશરે રૂ.૪૩૫ ના વધારો કરવામાં આવતા ખેડૂતોને દેવાદાર બની ગયાનું ચિત્ર ઉપસ્યુ છે. ત્યારે ડીએપી ખાતરની સંગ્રહખોરી કેમ બંધ થતી નથી. તે એક સવાલ ચર્ચાનો વિષય બની ગયો છે.

ત્યારે અધિકારી એનપીકે, ડીએપીમાં ખર્ચ વધારા માટે ટ્રાન્સપોટેશનનો ખર્ચ વધતા આ વધારામાં ટ્રાન્સપોર્ટશનના કારણે વધી રહ્યોનું રટણ રટી રહ્યા છે. તેમજ વિવિધ ખાતરોની ખરીદી વધતા જિલ્લામાં માંગ પ્રમાણે જ ખાતર મંગાવવામાં આવી રહ્યાનું રટણ પણ અધિકારીઓ રટી રહ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં મુખ્યત્વે નર્મદા ફોસફરસ, ડીએપી, અને યુરીયા ખાતરની માંગ સૌથી વધુ રહેતી હોય છે. ત્યારે ગત વર્ષે જિલ્લામાં ૩.૬૨,૯૨૮ ની માંગ હતી તે આ વર્ષે જિલ્લાના ખેડૂતોએ આશરે ૫,૭૩,૪૮૨ બોરી ખાતરની માંગ રહેતા આ વર્ષે ૨,૧૦,૫૫૪ બોરીની માંગ વધી હોવાનું જાણવા મળ્યુ છે.

જયારે અધિકારી ખાતરમાં ભાવ વધારાની વાતને અવગણી રહ્યા હોય તેમ જણાઈ રહ્યુ છે. અને વાત ડાયર્ટ કરવા સાથે જણાવી રહ્યા છે કે, રવિપાકના વાવેતર સમયે પાયાનું ખાતર આપવાની વાત કરવા સાથે પાયાનું ખાતર ન મળે તો પાક નબળો આવવા સાથે ઉતારા ઉપર અસર થવાની શકયતાઓ હોવાની વાત કરી રહ્યા છે.

**સોહમ્ ૨૪ સાપ્તાહિક**

**અખબાર મેળવવાનું સ્થળ :**

રાજનાથ મહાદેવ મંદિર પાસે,
કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર,
શોપ નંબર - ૨, પહેલા માળે,
સુરેન્દ્રનગર. Mo. 90333 00345

------------

અન્ય આ સ્થળેથી પણ અંક મળશે....
પતરાવાળી ચોક, વડવાળા કોમ્પ્લેક્સ, ટાંકીચોક, બસ સ્ટેન્ડ, જોરાવરનગર રતનપર ફાટક, વઢવાણ ધોળી પાસે




# હોસ્પિટલ કૌભાંડનો રેલો સુરેન્દ્રનગર જિલ્લામાં તપાસ શરૂ

સુરેન્દ્રનગર :

અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડના પગલે સુરેન્દ્રનગર જિલ્લાની હોસ્પિટલો માં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં આયુષ્માન કાર્ડ અંતર્ગત સારવાર માટે સરકારી ૬૫ અને ખાનગી ૧૦ સહિત કુલ ૭૫ હોસ્પિટલોનો સમાવેશ થાય છે. જયારે જિલ્લામાં લાભાર્થીની આરોગ્ય સારવાર માટે સરકારી-ખાનગી હોસ્પિટલોને રૂ.૫ કરોડનું ચૂકવણું બાકી હોવાની વિગતો સામે આવી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં આયુષ્માન કાર્ડ ધારકોએ પણ મોટી સંખ્યામાં ગંભીર બિમારીઓમાં સારવાર કરાવી છે. જિલ્લામાં અંદાજે ૬.૯૬ લખાથી વધુ લાભાર્થી કાર્ડ ધારકોની નોંધણી થઈ છે. અને અનેક લોકોએ આકસ્મીક સારવારની જરૂરીયાત ઉભી થતાં આ કાર્ડ તેમના માટે આશિર્વારૂપ સમાન સાબીત થયુ છે.

જિલ્લામાં ૧૦ તાલુકાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર, કોમ્યુનીટી હેલ્થ સેન્ટર, ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તેમજ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ સાથે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર કાર્યરત છે. જેમાં પણ વિવિધ રોગોની સેવાઓ ઉપલબ્ધ છે.

# કરમડ સ્વામિનારાયણ ગુરુકુળ નૂતન વિદ્યાર્થી છાત્રાલયનો શિલાન્યાસ : મુખ્યમંત્રી રહ્યા ઉપસ્થિત

## સ્વામિનારાયણ સંપ્રદાય ગુરુકુળ પ્રણાલી થકી ભારતીય ઋષિ સંસ્કૃતિને જાળવી રહ્યા છે : મુખ્યમંત્રી



સુરેન્દ્રનગર :

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગત તા.૧૭-૧૧ ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના કરમડ (રાણપુર) ગામે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે નૂતન વિદ્યાર્થી છાત્રાલયનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. તેમજ તૃતીય સમૂહ લગ્નોત્સવમાં ૫૧ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં. આ નવયુગલોને મુખ્યમંત્રીએ ભાવિ જીવનની શુભકામનાઓ પાઠવી હતી.

આ તકે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહોત્સવમાં સભામાં ઉપસ્થિત ભાવિકોને સંબોધતા કહ્યું હતું કે, કરમડ ગામની પાવન ભૂમિમાં શ્રી હરિની અસીમ કૃપાથી તેમજ જોગી સ્વામીના દિવ્ય આશિષથી વિદ્યા, સદવિદ્યા અને બ્રહ્મ વિદ્યાનું પ્રવર્તમાન કરતી ગુરુકુળરૂપી ગંગાનું પ્રાગટ્ય થયું છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં ભગવાન શ્રી રામ તથા ભગવાન શ્રીકૃષ્ણએ પણ ગુરુકુળમાં શિક્ષણ મેળવ્યું હોવાનું ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુરુકુળની એ જ પરંપરા નાલંદા, વલભી તથા તક્ષશિલા જેવી વિદ્યાપીઠો - ગુરુકુળ થકી જળવાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આધુનિક સમયને અનુરૂપ જ્ઞાનથી દેશની યુવા પેઢીને કૌશલ્યવાન બનાવવા સેકટર સ્પેસિફિક યુનિવર્સિટીઓ શરૂ કરાવી છે. વડાપ્રધાનના વિઝનરી નેતૃત્વમાં દેશના યુવાનો માટે સ્ટાર્ટઅપ શિક્ષણ સ્પોર્ટ્સ અને સ્કીલના ક્ષેત્રમાં નવા નવા અસરો ખુલ્યા છે. યુવાનોના સ્કીલ ડેવલપમેન્ટ ઉપર ફોકસ કરીને દેશને વિશ્વનું સ્કીલ કેપિટલ બનાવવાની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નેમ છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, શ્રી હરિના સાચા અનુયાયીઓ હંમેશા રાજયહિત અને સમાજહિતને પ્રાધાન્ય આપે છે. રાષ્ટ્રહિત પ્રથમ અને સમાજનું ભલું કરવાનો સદભાવ એ સ્વામિનારાયણ અનુયાયીઓની ઓળખ છે. સ્વામિનારાયણ સંપ્રદાય ગુરુકુળની પરંપરાને જીવંત રાખીને ભારતીય ઋષિ સંસ્કૃતિને જાળવી રાખવાનું કાર્ય કરી રહ્યું છે. ગુરુકુળ શિક્ષણ પ્રણાલી દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાય મૂલ્યનિષ્ઠ અને કર્મઠ સમાજ રચના માટે સમર્પિત યુવા પેઢી તૈયાર કરી રહ્યું છે.

વ્યસન મુક્તિ તેમજ વિવિધ સામાજિક કાર્યો માટે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થતી પ્રવૃત્તિઓને મુખ્યમંત્રીશ્રીએ બીરદાવી હતી.

વધુમાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વિકાસથી વિરાસતના તેમના સંકલ્પને સાકાર કરવા માટે વિવિધ ધર્મ - સંપ્રદાયના ગુરુકુળો જ્ઞાન સિંચનના સબળ માધ્યમ બન્યા છે. શ્રીજી વિદ્યાધામ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ - કરમડના પંચાબ્દી મહોત્સવ નિમિત્તે કરાયેલા વિવિધ આયોજન બદલ મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે વડતાલ પીઠાધિપતિ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજીએ જણાવ્યું હતું કે, બે હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ નિઃશુલ્ક રહી શકે તેવા અદ્યતન નૂતન વિદ્યાર્થી છાત્રાલયનું સરળ અને પ્રજાવત્સલ એવા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ મહોત્સવના આયોજક શ્રીજીસ્વરૂપ દાસજી સ્વામીએ સ્વાગત પ્રવચન કરીને સૌને હૃદયપૂર્વક આવકાર્યા હતા. આ સાથે જણાવ્યું હતું કે , અમારા આ વિદ્યાધામની સ્થાપનામાં સરકારનો ખૂબ સાથ-સહકાર મળ્યો છે.

આ પ્રસંગે મહોત્સવના અધ્યક્ષ દેવપ્રસાદદાસજી સ્વામી, ભકિતજીવનદાસજી સ્વામી, ક્રિષ્ન વલ્લભદાસજી સ્વામી, નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, સાંસદ ચંદુભાઈ શિહોરા, ધારાસભ્યો કિરીટભાઈ રાણા અને પી.કે. પરમાર, સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર કેયુર સંપટ, રાજકીય અગ્રણી હિતેન્દ્રસિંહ ચૌહાણ અને જયેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો, દાતાશ્રીઓ, મહંતો, હરિભક્તો બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ક્રાઈમ ન્યુઝ વિશેષ

# મહેસાણાના બે શખ્સોને સુરેન્દ્રનગર પોલીસે ઝડપી લીધા : ફરજમાં રૂકાવટની નોંધાઈ હતી ફરિયાદ




સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર ખાણ ખનીજ વિભાગની ટીમની માહિતી વોટ્સઅપના માધ્યમથી લીક કર્યાની ફરિયાદ જોરાવરનગર પોલીસ મથકે નોંધાઈ હતી. સુરેન્દ્રનગર બહુમાળી ભવનામાં ખાણ ખનીજ વિભાગની કચેરીએ ગત તા.૩૦ એકટો.ના રોજ ખાણ ખનીજ વિભાગે જપ્ત કરેલ ડમ્પર છોડાવવા રાજેશભાઈ નરશીભાઈ ચૌહાણ આવ્યા હતા. ત્યારે અધિકારી બારોટે મોબાઈલ ચેક કરતા અલગ-અલગ વોટસએપ ગ્રૃપમાં અધિકારીઓની અને કર્મચારીઓની માહિતી મળી આવી હતી. આથી ખાણ ખનીજ વિભાગના માઈન્સ સુપરવાઈઝર સાહીલ પટેલ એ આ મામલે કુલ ૬૩ શખ્સો સામે જોરાવરનગર પોલીસ મથકે ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ નોંધાવી હતી.

ત્યારે આ કેસમાં ફરાર મહેસાણાના બે શખ્સો હાલ પાટણ જિલ્લામાં હોવાની માહિતી પેરોલ ફર્લો સ્કવોડ સુરેન્દ્રનગરનો મળી હતી. આથી પીઆઈ જે.જે. જાડેજાની સસૂચનાથી સ્ટાફનાઓએ કામગીરી કરી હતી. જેમાં મહેસાણાના સતલાસણા તાલુકાના કુબડા ગામના વિજય બાબુજી ઠાકોર અને મહેસાણાના વડનગર તાલુકાના મોલીપુર ગામના ફકરૂદીન ઈબ્રાહીમભાઈ ભોરણીયાને ઝડપી લીધા છે. અને ઝડપાયેલા બંને શખ્સોને જોરાવરનગર પોલીસ મથકે સોંપી દેતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વિસાવાડી કેનાલ પાસેથી બંદૂક સાથે એકની ધરપકડ



પાટડી :

દસાડાના જૈનાબાદ ગામથી વિસાવાડી જવાના રોડ પર કેનાલ પાસેથી ગેરકાયદેસર દેશી હાથ બનાવટની મઝરલોડ સીગલ બેરલની બંદુક સાથે એક ઈસમને પેરોલ ફર્લો સ્કોડે ઝડપી લીધો છે. પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ગત તા.૧૨ નવે. એ જૈનાબાદ ગામથી વિસાવાડી જવાના માર્ગ પાસે કેનાલ પાસે શંકા જતા પોલીસે તપાસ કરી હતી. તપાસ દરમિયાન યુનિશભાઈ મુસ્તફાભાઈ કુરેશી (રહે.જૈનાબાદ) પાસેથી એક દેશી હાથ બનાવટની મઝરલોડ બંદુક કિ.રૂ.૫ હજારની મળી આવતા પોલીસે શખ્સને ઝડપી હથિયાર ધારા મુજબ પાટડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ થી બાયો ડિઝલ લાવી સુરેન્દ્રનગર ગેરકાયદેસર રીતે વેચાણ કરતા બે ઝડપાયા



સુરેન્દ્રનગર :

જોરાવરનગર બાયપાસ રોડ ઉપર હોટલ સામે ખુલ્લા પ્લોટમાંથી ગેરકાયદેસર બાયો ડિઝલનો જથ્થો પોલીસે ઝડપી પાડયો છે. એલસીબી પોલીસે આશરે ૧૫૦૦ લીટર બાયો ડિઝલ તથા અન્ય મુદામાલ મળી કુલ કિં.રૂ. ૩૩,૨૨, ૬૯૭/- નો મુદ્દામાલ સાથે બે શખ્સોને ઝડપી લઈ કાર્યવાહી કરી છે.

સુરેન્દ્રનગર જિલ્લામા ગેર કાયદેસર બાયો ડીઝલ વેચાણની પ્રવૃતિ કરતા ઈસમોને શોધી કાઢી અસરકારક અને પરિણામલક્ષી કામગીરી સુરેન્દ્રનગર એલસીબી દ્વારા કરવામાં આવી છે. જેમાં એલ.સી.બી.પોલીસ ઈન્સ્પેકટર જે.જે.જાડેજા એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેકટર એન.એ.રાયમા નાઓએ અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરી જિલ્લા વિસ્તારમા સતત અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલિંગ શરૂ કર્યુ છે. જોરાવરનગર વિસ્તારના રાજકોટ બાયપાસ રોડ સાઈ હોટલ સામે ખુલ્લા પ્લોટમાથી પોલીસે આકસ્મીક રેડ પાડી હતી.જેમાં ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણ (રહે.રતનપર આદેશ્વર પાર્ક સોસાયટી, સુરેન્દ્રનગરમ) તથા પ્રવિણભાઈ જીવણભાઈ સોળમીયા (રહે.વઢવાણ શ્રધ્ધા હોટલ સામે મુળચંદ રોડ રામદેવનગરમ)ને પોલીસે ઝડપી લીધા છે. આ બનાવમાં પોલીસની પુછપરછમાં શખ્સો અમદાવાદના નારોલ ઉસ્માનભાઈ પાસેથી એક લીટરના ૬૦ ના ભાવેથી મંગાવી ૭૦ ના ભાવે છૂટક વેચાણ કરતા હોવાનું પોલીસ તપાસમાં ખુલવા પામ્યુ છે. પોલીસે આ બનાવમાં બાયોડીઝલ જેવા જવલનશીલ પ્રવાહીનો જથ્થો આશરે લીટર ૧૫૦૦ કે જેની કિં.રૂ.૯૦ હજાર તથા અન્ય મુદામાલ મળી કુલ કિં.રૂ.૩૩ લાખ ૨૨ હજાર ૬૯૭ નો મુદામાલ ઝડપી લઈને કાર્યવાહી કરવામાં આવી છે.

# ફરજમાં રૂકાવટ અને અપહરણના ગુનામાં ફરાર શખ્સો ઝડપાયા



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર પેરોલ ફર્લો દ્વારા ફરાર શખ્સોને ઝડપી તેમની સામે કાર્યવાહી કરવા માટે એકશન પ્લાન બનાવ્યો છે. જે અનુસંધાને જુદા-જુદા ત્રણ જેટલા બનાવોમાં પોલીસે ચાર જેટલા શખ્સોને ઝડપી પાડી લગત પોલીસ વિભાગને સોંપીને કાર્યવાહી કરવામાં આવી છે.

ગત તા.૧૬/૧૧ ના રોજ પેરોલ ફર્લો સ્કવોડ સુરેન્દ્રનગરની ટીમ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સારૂ સતત પ્રત્નશીલ હતા. તે દરમ્યાન ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સીસ નો ઉપયોગ કરી સચોટ બાતમી મળતા પોલીસે જોરાવરનગર પોલિસ સ્ટેશન હેઠળ ફરજમાં રૂકાવટના નોંધાયેલ ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર શખ્સ રમેશભાઈ ભરતભાઈ ગાબુ (રહે. નવા સુદામડા)ને ઝડપી પાડયો છે.જયારે બીજા ગત તા.૧૭/૧૧ ના રોજ પેરોલ ફર્લો સુરેન્દ્રનગરની ટીમે જોરાવરનગર પોલિસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હાના નાસતા ફરતા આરોપીઓને ઝડપી લીધા છે. ફરજમાં રૂકાવટ કર્યાની જોરાવરનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા છેલ્લા એક વર્ષથી ફરાર શખ્સો બળવંત દોનાજી ઠાકોર (રે.રહે- ડાભોડા,મહેસાણા) અને અરસનજી ઉર્ફે હર્ષદ શાંતુજી ઠાકોર (રહે-ડાભોડા,મહેસાણા)ને ઝડપી લઈ જોરાવરનગર પોલીસ મથકે સોંપી દીધા છે.જયારે જોરાવરનગર પોલીસ મથકે નોંધાયેલ અન્ય એક અપહરણના ગુનામાં ફરિયાદ નોંધાયા બાદ છેલ્લા પાંચ વર્ષથી ફરાર શખ્સને બાતમીના આધારે પેરોલ ફર્લોની ટીમે ગત તા.૧૩-૧૧ ના રોજ ઝડપી લીધો છે. આ બનાવમાં પોલીસે ડાયાલાલ કમાજી ઠાકોર (હાલ રે. સુરેન્દ્રનગર રતનપર વિસ્તાર, સુખશાંતિ સોસાયટી) ને ઝડપીને જોરાવરનગર પોલીસ મથકે સોંપી દેતા જોરાવરનગર પોલીસે ત્રણેય બનાવમાં વધુ તપાસ હાથ ધરી છે.

# ઉમિયા ટાઉનશીપ પાસે યુવકના મોતની ઘટના : બે ઝડપાયા



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર નવા ૮૦ ફૂટ રોડ વિસ્તારમાં ઉમિયા ટાઉનશીપ પાસેના કોમ્પ્લેકસના ધાબા પરથી એક યુવકને ફેંકી હત્યાને અંજામ આપનાર બે શખ્સોને પોલીસે ઝડપી લીધા છે.

આ બનાવમાં પોલીસ તપાસમાં જાણવા મળતી વિગતો મુજબ ઉમિયા ટાઉનાશીપ પાસો આવેલા કોમ્પ્લેકસના ધાબા ઉપર હિતેશ અને ચંદન, વિશાલ અને પાર્થ ગયા હોવાના નામો સામે આવ્યા છે. બાદમાં તેઓએ દારૂની મહેફી માણી હતી. આ દરમિયાન બોલાચાલીમાં ચંદન જગદીશભાઈ પરમારને નીચે ફેંકી દેતા મોતની નિપજયાની ઘટના સામે આવી હતી. આ બનાવમાં પોલીસે વિશાલ અને પાર્થ ને ઝડપી લીધા હતા. અને જરૂર જણાશે તો રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરીને બી-ડીવીઝન પોલીસો વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર રેલવે જંકશને ચૂંટણી પ્રચાર અર્થે આવેલા રેલવે આગેવાનને પડત પ્રશ્નો બાબતે રજૂઆત કરાઈ

સુરેન્દ્રનગર :

વેસ્ટન રેલવે ટ્રેડ યુનિયન ની ચૂંટણી ડિસેમ્બરમાં યોજવા જઈ રહી છે ત્યારે સુરેન્દ્રનગર રેલવે જંકશન ની પ્રચાર અર્થે વેસ્ટન રેલવે મજદૂર સંઘ રાજકોટ ડીવીઝનના સેક્રેટરી નું આગમન થયું હતું આ વેળાએ રેલવે કર્મચારીઓએ સેક્રેટરીને પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા રજૂઆત કરી હતી.




આગામી ડિસેમ્બર મહિનામાં વેસ્ટન રેલવે રાજકોટ મજદૂર સંઘની ચૂંટણી યોજવા જઈ રહી છે. ત્યારે ચૂંટણી પ્રચાર અને દિવાળી બાદ નવા વર્ષને ધ્યાને રાખી સ્નેહ મિલન સાથે ચૂંટણી પ્રચાર માટે સુરેન્દ્રનગર થી શરૂ કરવામાં આવ્યો છે. વેસ્ટર્ન રેલ્વે ટ્રેડ યુનિયનની ચૂંટણી ને ધ્યાને રાખી વેસ્ટર્ન રેલવે મજદૂર રાજકોટના ડિવિઝનના સેક્રેટરી હિરેન મહેતા નું સુરેન્દ્રનગર રેલવે જંકશન એ આગમન થતા ગુલાબનું ફૂલ આપીને આવકાર આપવામાં આવ્યો હતો. તેમજ રેલવે કર્મચારીઓ એ તેમના પડતર પ્રશ્નોને લઈને રજૂઆતો કરી હતી. જેમાં ખાસ કરીને યુનિયન દ્વારા રજૂઆત કરીને જણાવવામાં આવ્યું હતું કે જૂની ઓપીએસ સિસ્ટમ લાગુ કરવા સાથે ડિજિટલ પોર્ટલને લગતા પ્રશ્નો અને છેલ્લા ઘણા લાંબા સમયથી અટકેલ કર્મચારીઓના પ્રમોશન ને લઈને રજૂઆતો કરવામાં આવી હતી. ત્યારે આ પ્રસંગે સેક્રેટરીએ આશ્વાસન આપતા તમામ પ્રશ્નોનુ ઝડપથી નિરાકરણ આવશે તેવી ખાતરી આપી હતી. આ વેળાએ આગેવાન આર યુ મલિક, હરેશભાઈ અમદાવાદ, ચેતનભાઈ રાવલ, રાજુભાઈ રાવલ, તેમજ સુરેન્દ્રનગર રેલવે મજદૂર સંઘ યુનિયનના મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી શક્તિ મા નાં ૯૪૯ માં જન્મોત્સની ઉજવણી



સુરેન્દ્રનગરમાં દાળમીલ રોડ ઉપર આવેલ શક્તિ મંદિર ૧૨ નવે.ને અગિયારસે ૨૫૫૧ દિવડા સાથે ઝગમગી ઉઠ્યું હતુ. હરશક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા શ્રી શક્તિ માતાજીના ૯૪૯ માં જન્મોત્સની ઉજવણી કરવાના ભાગરૂપે આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમજ શકિત મંદિરે મહા આરતી સહિતના યોજાયા કાર્યક્રમો યોજાયા હતો. ઝાલા વંશના જનેતા અને પૂજનીય શક્તિ માતાજીના પ્રાગટ્ય દિવસની ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા કરવામાં આવી હતી.

## શ્રી ઉમિયા મંદિર સુરેન્દ્રનગર દ્વારા સન્માન



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગરનાં ભક્તિનંદન સર્કલ પાસે ઉમિયા મંદિર સુરેન્દ્રનગર દ્વારા આવેલ ઉમિયા મંદિર ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયેલ જેમાં શહેરની સરદાર પટેલ વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ મોટીવેશન ડાન્સ રજૂ કર્યો હતો. આ ડાન્સમાં હાલમાં વિદ્યાર્થીઓ જે સ્ટ્રેસ અનુભવી રહ્યા છે તેને દૂર કરીને ઉત્સાહ અને ઉમંગ જગાવવાનો સંદેશ આપવામાં આવેલ હતો. તેમજ ઉમિયા મંદિર સુરેન્દ્રનગર દ્વારા આ ડાન્સ રજૂ કરનાર શાળાનાં વિદ્યાર્થીઓને કાંડા ઘડિયાળ ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે શાળા સંચાલક કે.એન.પટેલએ તમામને અભિનંદન આપ્યા છે.

# વૃધ્ધાને કરોડરજ્જુના મણકાની દર્દની તકલીફમાંથી મુકિત મળી



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગરની સવા આયુષ મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પીટલ ખાતે ૬૨ વર્ષથી વધુ ઉંમરના પ્રિતીબેન રાવલ નામના દર્દીને કરોડરજ્જુના મણકાની તકલીફ હતી. જેનાથી દર્દી ઘણા લાંબા સમયગાળાથી પરેશાન હતા. ત્યારે તાજેતરમાં તેઓએ મણકાનુ ઓપરેશન સવા આયુષ મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પીટલના બ્રેઈન એન્ડ સ્પાઈન સર્જન ડો. પાર્થ વાળા (MBBS,MS,MCh Neuro, Fellow in endoscopic spine) પાસે કરાવ્યુ હતુ. ત્યારે ડો. પાર્થ વાળાએ ખુબજ સચોટ રીતે નિદાન કરી દર્દીને લાંબા સમયના રોગથી છુટકારો અપાવ્યો છે.

આથી દર્દીએ તેમજ દર્દીના સગાએ સચોટ અને સમયસર કામગીરી બદલ ડો.પાર્થ વાળા, મયુરભાઈ પંડ્યા તેમજ રૂત્વિકભાઈ શુક્લ તેમજ નર્સિંગ સ્ટાફ તથા મેનેજમેન્ટનો ખુબજ આભાર માન્યો છે.

**જોઈએ છે**

ફર્નિચર, એલ્યુમીનીયમ સેકશન અને ફેબ્રીકેશન નું કામ કરી શકે તેવા કારીગરો

M.80006 80802

સોહમ્ ૨૪ સાપ્તાહિક દર ગુરૂવારે

આપની આજુબાજુમાં બનતી સમસ્યાનો ઉકેલ...

મોકલો અમને અમે કરીશુ ઉજાગર

બસ ઉઠાવો ફોન અને સ્કેન કરો કોડ...

સત્યમેવ જયતે

Soham24

Email : soham24info@gmail.com

www.soham24.com

75750 20982

## વિશેષ સમાચાર

# ચુડા વિચરતી જાતિના સરાણીયા પરિવારોને આપેલ પ્લોટની માપણી કરવા માટે રજૂઆત



ચુડા :

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ચુડા છત્રીયાળા રોડ નદી કાંઠે વિચરતી જાતિના સરાણિયા પરિવારો ઝૂંપડાઓ બાંધીને રહે છે. તેઓને ૨૦૧૯ માં તાલુકા પંચાયત લેન્ડ કમિટી દ્વારા રહેણાક માટે પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. સરકારશ્રીની પંડિત દિન દયાળ આવાસ યોજના તેમજ વિચરતા સમુદાય સમર્થન મંચના આર્થિક સહયોગથી આ પરિવારોના મકાન બાંધકામ નું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં માંગીએ છીએ. પંચાયત દ્વારા જે લે આઉટ પ્લાન અને સનદ આપવામાં આવી છે તેમાં વિસંગતતા હોવાથી આ કામ શરૂ થઈ શકતું નથી. તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરતા તેઓએ તલાટી શ્રી ને આ બાબતે કામ કરવા કહ્યું છે પરંતુ હજી સુધી આ બાબતે કોઈ કાર્યવાહી થઈ નથી. અવારનવાર રજૂઆત કરવા છતાં પણ હજી સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. આ પરિવારોના પ્લોટોની માપણી થાય તો મકાન બાંધકામ શરૂ થઈ શકે. તે માટે વિચરતા સમુદાય સમર્થન મંચ ના હર્ષદ કે વ્યાસ ની આગેવાની હેઠળ કાળુભાઈ સરાણિયા, ગાંડાભાઈ સરાણીયા, રણજીતભાઈ સરાણીયા, જાહલબેન સરાનિયા વગેરે પરિવારોએ ચુડા મામલતદારને આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી.

# ટ્રાફીક પોલીસની સરાહનીય કામગીરી રૂ.૧.૫૦ લાખ રોકડા ભરેલ પાકીટ પરત



સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર ટ્રાફિક પોલીસના મહિલા હેડ કૉન્સ્ટેબલ કંકુબેન કુંથુનાથ દેરાસર ચોક ખાતે ફરજ પર હતા તે દરમ્યાન કિં.રૂ.૧.૫૦ લાખનું રોકડ રકમ ભરેલુ પર્સ મુળ માલીક ને પરત કર્યુ છે. સુરેન્દ્રનગર "તેરા તુજકો અર્પણ" અભિયાન અંતર્ગત કોઇ જાહેર જનતાની કોઈ કિંમતી ચીજ વસ્તુ જેવી કે,સોના-ચાંદીના દાગીના/રોકડ રૂપિયા કોઇ પોલીસ કર્મચારી કે ટ્રાફિક બ્રિગેડ જવાનોને મળે તો વેરીફાઇ કરી પરત કરવા સુચના આપી છે. જે અન્વયે ગત તા.૧૩-૧૧ના રોજ જતીનભાઇ છગનલાલ લકુમ (રહે-ઘર હો તો એસા સોસાયટી, સુરેન્દ્રનગર) વાળાનુ કિં.રૂ.૧.૫૦ લાખનું રોકડા રૂપિયા ભરેલુ પર્સ કુંથુનાથ દેરાસર ચોક ખાતે પડી ગયેલ હતુ. જે પર્સ ટ્રાફિક મહિલા હેડ કોન્સ કંકુબેન રઘુભાઇ તથા મેહુલકુમાર ખોડીદાસભાઇને કુંથુનાથ દેરાસર ચોક પાસેથી રોકડ રકમ ભરેલુ પર્સ તેઓને આવતા પર્સના મુળ માલીકની ખરાઈ કરીને મુળ માલીક જતીનભાઇને રૂ.૧.૫૦ લાખ રોકડા ભરેલ પર્સ પરત કરી પ્રસંશનીય કામગીરી કરી છે.

# લીંબડીમાં ટ્રાફીક પોલીસનું ચેકીંગ



સુરેન્દ્રનગર ટ્રાફીક પોલીસ દ્વારા ગત તા.૧૩ નવે.ના રોજ લીંબડી શહેર સહિતના વિસ્તારોમાં આકસ્મીક ચેકીંગ કામગીરી કરી હતી. જેમાં ૬ જેટલા વાહનોને ડિટેઈન કરવામાં આવ્યા હતા. આ કામગીરીમાં ટ્રાફીક પીએસઆઈ એલ.બી.બગડા, એસઆઈઆઈ આર.ડી.મોરી, ખુમાનસિંહ, યશવંતસિંહ વિગેરેઓ રોકાયા હતા. ટ્રાફીક નિયમોનો ભંગ કરતા ૩૧ જેટલા વાહન ચાલકો સામે કેસ કરવા સાથે સ્થળ ઉપર જ વાહન ચાલકોને રૂ.૨૪ હજાર ૨૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# જિલ્લા કલેક્ટરે પૂર્વ સૈનિકો તથા રાષ્ટ્ર માટે બલિદાન આપનાર સૈનિકોના ધર્મપત્નીઓ સાથે સંવાદ કર્યો





સુરેન્દ્રનગર

આજરોજ જિલ્લા કલેક્ટર કે.સી.સંપટે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રંભાબેન ટાઉન હોલ ખાતે પૂર્વ સૈનિકો તથા રાષ્ટ્ર માટે બલિદાન આપનાર સૈનિકોના ધર્મપત્નીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ સંવાદ કાર્યક્રમમાં સંબોધન કરતાં જિલ્લા કલેક્ટર કે.સી.સંપટે જણાવ્યું હતું કે, રાષ્ટ્રની રક્ષામાં પોતાના પ્રાણની આહુતિ આપવા હંમેશાં તત્પર શૂરવીર સૈનિકો પ્રત્યેનું ઋણ અદા કરવા નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય કાર્યરત છે. રાષ્ટ્ર કાજે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનાર શહીદ સૈનિકોના પરિવારજનોની તથા વીરતા ભરી ફરજ બજાવતા શારીરિક ક્ષતિગ્રસ્ત થયેલા સૈનિકો અને રાષ્ટ્રની સશસ્ત્ર સેનાઓમાં પોતાની યુવાનીનું અમૂલ્ય યોગદાન આપી સેવા નિવૃત્ત થતા સૈનિકો તથા તેઓના પરિજનો માટેની કલ્યાણ અને પુનર્વસવાટ યોજનાઓના અમલીકરણની જવાબદારી નિયામક સૈનિક કલ્યાણ પુનર્વસવાટની છે.

અન્ય જિલ્લાઓની સરખામણીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ પૂર્વ સૈનિકો છે એમ કહેતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, પહેલાં નિવૃત્ત થતા સૈનિકોને પેન્શન સહિતના પ્રશ્નો માટે રાજકોટ કચેરી ખાતે જવું પડતું હતું પરંતુ અત્યારે આપણા જિલ્લામાં જ કચેરી કાર્યરત થઈ ગઈ છે. જેથી સૈનિકો અને તેમના પરિવારજનોને અન્ય જગ્યાએ જવું પડતું નથી. આપણે સૌ લોકો આપણા ઘરે શાંતિથી સૂઈ શકીએ તે માટે સૈનિક સરહદ પર પોતાની ફરજ બજાવે છે. આથી આ સૈનિકો અને તેમના પરિવારજનોની સંભાળ રાખવી એ આપણા સૌની સહિયારી ફરજ છે.

સંવાદ કાર્યક્રમ બાદ જિલ્લા કલેક્ટર કે.સી.સંપટે સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીની મુલાકાત કરી હતી. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકાર કર્નલ વિશાલ શર્માએ કચેરી અને કામકાજ અંગેની માહિતી આપી હતી. આ તકે કલેક્ટર કે.સી.સંપટે પૂર્વ સૈનિકો તથા સ્વ સૈનિકોના ધર્મ પત્નીઓનું સાલ આપી સન્માન કર્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકાર કર્નલ વિશાલ શર્મા, ચીફ ઓફિસર સાગર રાડીયા અને પૂર્વ સૈનિકો તથા બલિદાની સૈનિકોના ધર્મ પત્નીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ધ્રાંગધ્રા શહેરી વિસ્તારમાં કરોડના ખર્ચે નવા રસ્તાઓ બનશે

ધ્રાંગધ્રા :

ધ્રાંગધ્રા નગરપાલિકા વિસ્તારમાં વિવિધ વોર્ડમાં ચોમાસાના વરસાદના લીધે રસ્તાઓ બિસમાર બની ગયા હતા. ત્યારે લોકોને વાહનો સાથે આ રસ્તા પરથી ચાલવુ મુશ્કેલ બનતા વાહન ચાલકોને તકલીફ ઉભી થઈ હતી. આ સંજોગો પૂર્વ મંત્રી આઈ.કે. જાડેજાના પ્રયાસ દ્વારા નગરપાલિકાને રૂ.૬.૫ કરોડના નવા રસ્તા બનાવવા માટે ગ્રાંટની ફાળવણી કરવામાં આવી છે.

# ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી વર્તમાન સમયની પ્રમુખ માગ

## ચણાની ખેતી માટે તેનો વાવેતર સમય, અંતર અને ચણાની વિવિધ જાતમાંથી પસંદગી મહત્વની

સુરેન્દ્રનગર :

કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઈકો સિસ્ટમની રચના કરી છે. આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ. પ્રાકૃતિક કૃષિમાં કૃત્રિમ ખાતર અને કૃત્રિમ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રાકૃતિક કૃષિ એ ગૌ આધારિત કૃષિ છે. ખેડૂતો પણ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી રહ્યા છે. શિયાળાની ઋતુ શરુ થવામાં છે. ચોમાસુ પાકનો સમય હવે લગભગ પૂર્ણ થયો ગણી શકાય. ખેડૂતો પોતાની ખેતી લાયક જમીનમાં એક પાકનું ઉત્પાદન લઈને ફરીથી બીજા પાક માટે જમીનને તૈયાર કરે છે. અનેક ખેડૂતો શિયાળુ પાક તરીકે ચણાની ખેતી કરે છે.

ખેડૂતો માટે ચણાની ખેતી માટે તેનો વાવેતર સમય, અંતર અને ચણાની વિવિધ જાતમાંથી પસંદગી મહત્વની બની રહે છે. ખેડૂતોએ શિયાળુ ઋતુ માટે ગુજરાત ચણા-૧ અને ૨, જુનાગઢ ચણા ૩ અને જેજી ૧૬ જાતનું વાવેતર કરવું જોઈએ. મોટા દાણાવાળી ગુજરાત ચણા-૨ જાતને ૪૫ સે.મીના અંતરે ૮૦ થી ૧૦૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટરે બીજનો દર રાખી વાવેતર કરવું.

### જીવામૃતનો જમીનમાં ઉપયોગ

વાવેતર બાદ એક એકર જમીનમાં ૨૦૦ લિટર જીવામૃત પાણી સાથે આપવું. ત્યારબાદ મહિનામાં બે વાર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર પ્રમાણે જમીનમાં આપવું અથવા પિયતના પાણી સાથે આપવું. જીવામૃતનો પાક ઉપર છંટકાવ સમયાંતરે કરવો જરુરી છે. પ્રથમ છંટકાવ-વાવેતરના એક મહિના પછી ૫ લિટર જીવામૃતને ૧૦૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો, બીજો છંટકાવ- પહેલા છંટકાવના ૨૧ દિવસ પછી ૭.૫ લિટર જીવામૃતને ૧૨૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો, ત્રીજો છંટકાવ-બીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૧૦ લિટર જીવામૃતને ૧૫૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો, ચોથો છંડકાવ- ત્રીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૦૩ લિટર ખાટી છાશમાં ૧૦૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો. ઉપરાંત રોગ જીવાત નિયંત્રણ માટે ચોક્કસ માત્રા મુજબ નિમાસ્ત્ર, લીમડાનું તેલ, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્રનો છંટકાવ કરવો. રાજ્યને આગામી વર્ષોમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુક્ત બનાવવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માર્ગદર્શન હેઠળ રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે મિશન મોડમાં પ્રયાસો શરુ છે. પ્રગતિશીલ ખેતી કરતાં ખેડૂતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે.

### ચણાનો પાક, બીજ સંસ્કરણ અને ઘન જીવામૃત

સારા ઉગાવા, રોગ-જીવાત સામે રક્ષણ મેળવવા અને સારુ ઉત્પાદન મેળવવા ચણાના બીજને બીજામૃતથી સંસ્કારિત કરવા જરુરી છે. બીજામૃતનો પટ આપી બીજને છાંયડામાં સૂકવી વાવેતર કરવું. બીજામૃતની માવજતથી ઉગાવો ઝડપથી અને સારો થાય છે ઉપરાંત પાકને જમીન જન્ય રોગોથી બચાવી શકાય. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખો. પાક અવશેષોનું મલ્ચીંગ કરવું, ત્યારબાદ મહિનામાં એકવાર જમીન ઉપર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર છાંટો અથવા જીવામૃત પાક ઉપર છાંટો.

રાસાયણિક ખેતીમાંથી પ્રાકૃતિક ખેતીમાં આવીએ ત્યારે પ્રથમ વર્ષમાં જમીનને જીવેત બનાવવાનો પ્રયત્ન કરવો જરુરી છે. પાક લીધા પહેલા લીલા ખાતરના રુપમાં શણ કે ઈક્કડ કે કઠોળનો પાક લેવો. યોગ્ય સમય પર જીવામૃત પાકને આપતાં રહો તે જરુરી છે.

## રસપ્રદ વાનગી

# બાજરી મેથી ના ઢેબરા



એક સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ગુજરાતી નાસ્તો જે સામાન્ય રીતે શિયાળા ની ઋતુમાં સાંજના નાસ્તામાં અથવા જમવા માટે બનાવવામાં આવે છે અને દહીંની સાથે પીરસવામાં આવે છે. આ બાજરી મેથી ના ઢેબરા ની રેસીપી કોઈપણ ભારતીય પૂરી/પરોઠાથી મળતી આવે છે – બાજરી નો લોટ, મેથી ની ભાજી અને મસાલાથી બનાવેલ વડા અથવા કટલેસ ને તેલમાં તળવામાં આવે છે અથવા શેકવામાં આવે છે.

સામગ્રીઃ

- ૧ ૧/૨ કપ બાજરી નો લોટ
- ૧ કપ કાપેલી તાજી મેથી ની ભાજી
- ૨-૩ લીલા મરચાં, બારીક કાપેલાં(વૈકલ્પિક)
- ૧ ટીસ્પૂન ધાણા પાઉડર
- ૧ ટીસ્પૂન લાલ મરચું પાઉડર
- ૩/૪ ટીસ્પૂન હળદર
- ૧/૪ કપ દહીં
- ૧/૨ ટેબલસ્પૂન તલ
- નમક/મીઠું, સ્વાદ અનુસાર
- તેલ, તળવા માટે

એક મોટા બાઉલમાં બાજરીનો લોટ, કાપેલી મેથીની ભાજી, ધાણા પાઉડર, લાલ મરચું પાઉડર, હળદર, દહીં, તલ અને મીઠું નાખોં અને બરાબર મિક્ષ કરો. તેમાં થોડું થોડું કરીને પાણી નાખોં અને પરોઠા ના લોટની જેમ થોડો કઠણ લોટ બાંધો. તમારી હથેળીને તેલથી ચીકણી કરી લો. લોટમાંથી લીંબુના કદ નો એક ટુકડો લો અને તેમાંથી ગોળાકાર લુઆ બનાવો. વધેલા લોટમાંથી આવી જ રીતે લુઆ(લગભગ ૧૫-લુઆ) બનાવો. દરેક લુઆ ને તમારી હથેળી ની વચ્ચે અથવા કોઈ સખત સપાટી ઉપર દબાવીને ૩-ઈંચ નું ગોળાકાર(લગભગ ૨/૩ સેમી જાડું) બનાવો અને તેને એક પ્લેટમાં મૂકો. અથવા બીજી રીતે, તમે તેને પ્લાસ્ટિક શીટ અથવા પાટલી ઉપર વણી શકો છો. એક ફ્રાઈંગ કડાઈમાં મધ્યમ આંચ પર તેલ ગરમ કરો. જ્યારે તે મધ્યમ ગરમ થઈ જાય, તેમાં ધીમેથી ૩-૪ સપાટ ગોળાકાર નાખોં અને બનેં બાજુ હલ્કા ગોલ્ડન થાય ત્યાં સુધી તળો. તેનું વધારાનું તેલ શોષી લેવા માટે તેમને એક પ્લેટમાં પેપર નેપકિન ઉપર મૂકો. બચેલા ઢેબરા આવી રીતે તેલમાં તળી લો. મેથીના ઢેબરા(વડા) પીરસવા માટે તૈયાર છે. તેને દહીં અને અથાણાંની સાથે સાંજના જમવામાં અથવા સાંજે ચા સાથે પૌષ્ટિક નાસ્તાની જેમ પીરસો.

અન્ય રીત :

તેમાં લોટ બાંધતી વખતે(ઉપર સ્ટેપ-૧ માં), બાકી સામગ્રીઓ સાથે વધારે ૧/૨ કપ ઘઉં નો લોટ નાખોં. લોટ ને ૧૦ એકસરખા ટુકડાઓમાં વહેંચી લો અને તેમાંથી ચપટા ગોળાકાર લુઆ બનાવો. એક ગોળાકાર લુઓ લો અને તેને એક પાટલી ઉપર મૂકો. તેના ઉપર થોડો સૂકો લોટ છાંટયા પછી લગભગ ૬-૭ ઈંચ નું ગોળાકાર(પરોઠા ની જેમ) બનાવો. (સૂકો લોટ પાટલી અને વેલણને લોટથી ચોંટવાથી રોકશે) એક નોન-સ્ટીક તવાને મધ્યમ આંચ પર ગરમ કરો અને તેની ઉપર એક વણેલું ઢેબરુ મૂકો. તેને પલટો અને બનેં બાજુ ૧/૨ ટીસ્પૂન તેલ લગાડો. અને તેને બનેં બાજુ બદામી રંગ ના ધબ્બા દેખાય (સાદા પરોઠા ની જેમ) ત્યાં સુધી તેલમાં શેકો. બાજરી મેથીના ઢેબરા ચા સાથે પીરસવા માટે તૈયાર છે.

- વૈશાલી પરમાર

# ચણાના પાકમાં સંકલિત રોગ- જીવાત વ્યવસ્થાપન માટે વાવણી પહેલા અને વાવણી સમયે લેવાના પગલાં અંગે માર્ગદર્શિકા જાહેર કરાઈ

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લાના ખેડુતોને ચણાના પાકમા સંકલિત રોગ વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં/ વાવણી સમયે લેવાના પગલાં અંગે જૂનાગઢ તેમજ આણંદ કૃષિ યુનિવર્સીટીના નિષ્ણાંતો દ્વારા અપાયેલા સુચનોને આધારે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે અનુસાર પાક ફેરબદલી કરવી. સારા કોહવાયેલા છાણિયા ખાતરનો ઉપયોગ કરવો. ઠંડીની શરૂઆત થાય પછી જ વાવેતર કરવું. ચણાની સુધારેલી જાતો જેવી ગુજરાત ચણા-૫ પિયત વિસ્તારમાં અને બિનપિયત માટે ગુજરાત ચણા-૬ તથા ગુજરાત ચણા-૩ નું વાવેતર કરવું. મૂળનો કોહવારો રોગના નિયંત્રણ માટે પાક વાવતા પહેલાં દિવેલીનો ખોળ હેકટરે ૧૦૦૦ કિલો પ્રમાણે જમીનમાં આપવો. સુકારા રોગના નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા વીરીડી ૨.૫ કિ.ગ્રા. ને ૨૫૦ કિ.ગ્રા. એરંડીનો ખોળ અથવા છાણિયા ખાતરમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવું.

ચણાના પાકમાં સુકારો અને મૂળખાઈ રોગના નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા વીરીડી અથવા ટ્રાઈકોડર્મા હરજીએનમ (૨×૧૦ સીએફયુ/ગ્રામ) સંવર્ધિત છાણિયા ખાતરને (૧૦ કિલો જૈવિક નિયંત્રક પ્રતિ ૧ ટન છાણિયા ખાતર) મુજબ ૧ ટન/ હેકટર પ્રમાણે વાવણી વખતે ચાસમાં આપવું. સ્ટંટ વાયરસના નિયંત્રણ માટે બે હાર વચ્ચે ૩૦ સે.મી. નું અંતર રાખવાથી રોગનું પ્રમાણ ઘટાડી શકાય છે.

ચણામાં રોગ નિયંત્રણ માટે બીજને થાયરમ ૨ ગ્રામ કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ/કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવી અથવા જૈવિક નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા વીરીડી ૪ ગ્રામ અને કાર્બોક્ષીન ૧ ગ્રામ પ્રતિ ૧ કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવી. અથવા ટાલ્ક આધારિત ટ્રાઈકોડર્મા વીરીડી અથવા ટ્રાઈકોડર્મા હરજીએનમ-૧% વે.પા.ની ૫૦ ગ્રામ બનાવટને ૨૫૦ મિ.લિ. પાણીમાં પ્રતિ કિલો બીજ પ્રમાણે ભેળવી ૧૦ કલાક બોળી છાંયડામાં સૂકવી વાવણી માટે ઉપયોગમાં લેવા.

ચણાના પાકમાં લીલી ઈયળના નિયંત્રણ માટે ધાણા, રાઈ જેવા પાકોનું આંતર પાક તરીકે વાવેતર કરવું. ખેતરની ફરતે તેમજ પાકની વચ્ચે પિંજર પાક તરીકે ગલગોટાનું વાવેતર કરવું. ખેતરના શેઢા-પાળાના નિંદણનો નાશ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલા લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા અને તેને અનુસરવા જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા વધુમાં યાદીમાં જણાવ્યું છે.

RNI No.GUJGUJ/2015/60109 || Published to post at R.M.S. Surendranagar Published on thursday, posting every Friday- No.G/SEN/369/16-18

## આરોગ્ય વિષયક

# નાક થી શ્વાસ લેવાના ફાયદાઓ



શું તમે ક્યારેય વિચાર્યું છે કે, જો આપણે નાકને બદલે મોં થી શ્વાસ લઈએ તો તે આપણા સ્વાસ્થ્ય પર કેવી અસર કરી શકે છે? આ વિષય પર તમારા મગજમાં અનેકવાર જુદા જુદા પ્રશ્નો આવ્યા હશે. માનવ શરીર વિજ્ઞાન અને આયુર્વેદ અનુસાર, આપણું નાક અને મોં વિવિધ હેતુઓ માટે રચાયેલા છે અને સાથે મળીને તેઓ શરીરના સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

જેમ આપણે ખાવા માટે મોંનો ઉપયોગ કરીએ છીએ, તે જ રીતે આપણે શ્વાસ લેવા માટે નાકનો ઉપયોગ કરીએ છીએ, તેથી તે આપણા સ્વાસ્થ્યને લાભ કરે છે, કારણ કે કેટલીકવાર શરદી, ખાંસીના કારણે બંધ નાકને કારણે મોંઢા દ્વારા શ્વાસ લેવાની ફરજ પડે છે કારણ કે તે સમયે તમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી, પરંતુ સામાન્ય રીતે, નાક દ્વારા શ્વાસ લેવો એ તમારા શરીર માટે ફાયદાકારક અને યોગ્ય છે. જો આપણે શ્વાસ લેવા માટે નાકનો ઉપયોગ કરીએ તો તે આપણને જંતુઓથી મુક્ત શ્વાસ લેવામાં મદદ કરે છે, અને આપણે આપણા ફેફસાંનું કદ વધારી શકીએ છીએ જે આપણું આયુષ્ય વધારી શકે છે!

નાક દ્વારા આપણે શરીરના કોષોને ઓક્સિજન પહોંચાડીએ છીએ, જ્યારે મોં દ્વારા આપણે ખોરાક અને પાણીનું સેવન કરીએ છીએ. નાકનું મુખ્ય કાર્ય આપણને દૂષણો અને જંતુઓથી મુક્ત શ્વાસ લેવામાં મદદ કરવાનું છે, જ્યારે મોં ખોરાકને પેટમાં પ્રવેશવા દે છે અને લાળ દ્વારા પાચનમાં સુધારો કરે છે. પરંતુ જો આપણે મોં દ્વારા શ્વાસ લેવાનો પ્રયત્ન કરીએ, તો તે ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે, જે ગેસ્ટ્રોએસોફેજલ રિફ્લક્સ રોગ છે. ગેસ્ટ્રોએસોફેજલ રિફ્લક્સ ડિસીઝ - GERD પેટમાં એસિડિટીનું કારણ બને છે, જે સ્વાસ્થ્ય માટે સારું નથી આ સિવાય નાક દ્વારા શ્વાસ લેવાની સરખામણીમાં મોં દ્વારા શ્વાસ લેવાથી શરીરમાં ઓક્સિજનની ઉણપ થઈ શકે છે, જેના કારણે કોષો શરીરમાં ઓક્સિજનનો પુરવઠો પ્રભાવિત થઈ શકે છે અને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે.

# સ્વાદ અને પોષણ વચ્ચેનો તફાવત



વ્યક્તિના સર્વાંગી વિકાસમાં પોષણ ક્ષમ આહાર ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. પોષણક્ષમ આહારની અનિવાર્યતા કોઈપણ ઉંમર માટે જરૂરી હોય છે. જો બાળપણથી જ પોષણ ક્ષમ આહારનું યોગ્ય ધ્યાન રાખવામાં આવે તો વ્યક્તિના સર્વાંગી વિકાસમાં કોઈ અડચણ આવતી નથી.

યુવાનો સ્વાદના ચસ્કાના કારણે પોષણયુક્ત આહારથી વંચિત રહે છે. જેથી આજની પેઢી સશક્ત નહીં પણ દુર્બળ જરૂર બનતી જાય છે. સ્વાદ અને પોષણ વચ્ચે ઘણો તફાવત છે. પોષણ કેવા પ્રકારના ભોજનમાંથી પ્રાપ્ત થાય છે? અને સ્વાદના ચટકાવાળા ભોજનમાંથી શું પોષણ પ્રાપ્ત થાય છે? કેવા સમયે કેવા પ્રકારનું ભોજન લેવું જોઈએ જેવી તમામ બાબતો વિશે ચાલો જાણીએ.

ખોરાકમાંથી શરીરને આવશ્યક તમામ પ્રકારના પોષક તત્વો મળી રહે તેવો ખોરાક એટલે કે, સમતોલ આહાર આરોગવો જોઈએ. સમતોલ આહારને ત્રણ ખાદ્ય જૂથમાં વર્ગીકૃત કરી શકાય છે જેમ કે, શક્તિ આપતા ખાદ્ય પદાર્થો કે જેમાં અનાજ, કંદમૂળ, ઘી, તેલ, ખાંડ, ગોળનો સમાવેશ થાય છે. વૃદ્ધિ વિકાસ અને ઘડતર કરતાં ખાદ્યપદાર્થો જેમાં દૂધ અને દૂધની બનાવટો, કઠોળ જેવા ખોરાક લઈ શકાય. આ ઉપરાંત લીલા પાંદડા વાળા શાકભાજી, પીળા અને નારંગી રંગના શાકભાજી, ખાટા ફળો, પીળા અને નારંગી રંગના ફળો કે જે રક્ષણ અને નિયમન કરતા ખાદ્ય પદાર્થો છે તેનો આહાર લઈ શકાય.

તેમજ સ્વાસ્થ્ય જીવન માટે દરેક ઋતુ અનુસાર ભોજન લેવું જોઈએ. મોસમી ખોરાક વધુ પોષક મૂલ્ય પ્રદાન કરે છે. ફળો અને શાકભાજી કે જે કુદરતી રીતે પાકે છે તેનો સ્વાદ વધુ સારો હોય છે, તે તાજા હોય છે અને પ્રિઝર્વ્ડ ફળોની તુલનામાં સૌથી વધુ પોષક તત્વો આપે છે. શિયાળામાં જામફળ, દાડમ અને આમળા જેવા ફળો ત્વચાની ગુણવત્તા સુધારી શકે છે. અખરોટ હૃદય અને માનસિક સ્વાસ્થ્યમાં મદદ કરી શકે છે. શાકભાજી, કઠોળ અને જવથી બનેલા સૂપ ઠંડીમાં શરીરને ગરમ રાખી શકે છે અને પોષણ મેળવી શકાય છે.

ઉનાળામાં ટામેટાં, કાકડીઓ અને લીલા પાંદડાવાળા શાકભાજી લઈ શકાય છે. બેરી, ટેટી અને તરબૂચ જેવા ફળો પણ આ ઋતુમાં લઈ શકાય છે જે શરીરને હાઈડ્રેટ રાખે છે. નારિયેળ, ખાટાં ફળો, કાકડી, ડુંગળી, દહીં, કેળાં જેવા ઠંડકયુક્ત ખોરાક લેવાથી ઉનાળા દરમિયાન શરીરનું તાપમાન નિયંત્રિત કરવામાં મદદ મળી શકે છે. લસણ એ પોષક તત્વોથી ભરપૂર ખોરાક છે જે ચોમાસામાં રોગપ્રતિકારક શક્તિ વધારવા અને શરદી-ફ્લૂ સામે લડવામાં મદદ કરે આપણા શરીર માટે સૌથી વધુ ગરમ શાકભાજીઓ જેવી કે, ગાજર, બટેટા, ડુંગળી, લસણ, મૂળો, રતાળું, શક્કરિયા, બીટ, સલગમ વગેરે જેવા કંદમૂળ અને પાલક, મેથી, સરસોન, મૂળી, ફૂદીના જેવા લીલા તાજા ભાજી ચોમાસામાં લઈ શકાય.

જ્યારે ભોજનને વય જૂથ અનુસાર અલગ પાડવામાં આવે છે. વય જૂથને આધારે દરેક લોકોના શરીરમાં પોષણની અલગ અલગ આવશ્યકતા હોય છે. માનવ શરીરને એનર્જી, કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, વિટામીન્સ અને મિનરલ્સ જેવા પોષક તત્વોની સૌથી વધારે આવશ્યકતા હોય છે. આ તમામ પ્રકારના પોષક તત્વો અનાજ, કંદમૂળ, કઠોળ, લીલા પાંદડા વાળા શાકભાજી, દાળ, દૂધ અને દૂધની બનાવટો, ખાટા ફળો, ઘી-તેલ, ખાંડ,ગોળમાંથી સારા પ્રમાણમાં શરીરને મળી રહે છે.

જ્યારે સ્વાદ અને પોષણની જુગલબંદીમાં કોણ આગળ છે તે પ્રશ્ન થવો સ્વભાવિક છે. બંને એકબીજાના પૂરક છે, આજની જનરેશનમાં જોઈએ તો, આજની પેઢી સ્વાદ પારખનારી છે અને ચટાકુ છે. ત્યારે ક્યારેક બહારનો ખોરાક ખાવો જોઈએ, પરંતુ આજીવન આ ખોરાક શરીર માટે હાનિકારક છે. આપણા વડીલો જે પોષણયુક્ત ઘરનો ખોરાક આરોગે છે તે જ પ્રકારનો ખોરાક આજની યુવાપેઢી અપનાવશે તો પોતાના જીવનને નિરોગી અને સ્વાસ્થ્ય બનાવવામાં મદદરૂપ સાબીત થઈ શકે છે.

આપના ધંધાની જાહેરાત માટેનું સર્વશ્રેષ્ઠ માધ્યમ

સત્યમેવ જયતે
Soham24

સોહમ્ ૨૪ પ્રિન્ટ મિડીયાના માધ્યમથી
75750 20982
અમે આપના વ્યવસાયની જાણકારી પહોંચાડવાનું ઉત્તમ માધ્યમ
આપના ધંધાની જાહેરાત વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ

ટચુકડી ૧ લાઈનના રૂ.૧૫/-
(સોમવાર સાંજ સુધીમાં સ્વીકારવામાં આવશે)
છુટક નકલના રૂ.૫-૦૦
વાર્ષિક લવાજમ : રૂ.૪૦૦

બ્લેક એન્ડ વાઈટ
અંદરના પાને : રૂ.૭૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૧૫૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.

કલર
અંદરના પાને : રૂ.૧૨૫/- પ્રતિ સે.મી.
છેલ્લા પાને : રૂ.૨૦૦/- પ્રતિ સે.મી.
પહેલા પાને : રૂ.૨૫૦/- પ્રતિ સે.મી.

રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Email : soham24info@gmail.com

ખાસ નોંધ : સોહમ૨૪ ન્યુઝનાં આર્ટીકલમાં આપેલા કોઈપણ આરોગ્ય સબંધિત બાબતો (નુસખા-ટીપ્સ)નો ઉપયોગ કરતા પહેલા ડોક્ટરની સલાહ લેવી.

## મનોરંજન

# શાહરૂખ ખાન ફેન્સને ફરી એકવાર બતાવશે 'સર્કસ'

### આઈકોનિક શો દૂરદર્શન પર મચાવશે ધૂમ



એક જમાનામાં દૂરદર્શન પર લોકો ફીદા હતા. અને તેમા આવતા કાર્યક્રમ માટે લોકો કાગડોળે રાહ જોઈને બેસતાં હતા. આવી અનેક ભુલાઈ ગયેલી યાદો છે, જે હવે દર્શકો માટે સોનેરી ક્ષણોથી ઓછી નથી. હવે આવા ઘણા શો દૂરદર્શન પર ફરીથી પ્રસારિત કરવામાં આવ્યા છે, જે દર્શકોને જૂના દિવસોની યાદ અપાવતા હતા. તાજેતરમાં જ શાહરૂખ ખાનનો હિટ શો 'ફૌજી' ફરીથી ટેલિકાસ્ટ થયો હતો. 'ફૌજી ૨'ના પ્રીમિયર પહેલા, અભિનેતાના 'ફૌજી'ના આઠ એપિસોડ પ્રસારિત થયા હતા. તે જ સમયે, હવે શાહરૂખ ખાનનો વધુ એક મજેદાર શો દર્શકોનું મનોરંજન કરવા માટે પાછો આવી રહ્યો છે.શાહરૂખ ખાન હવે 'સર્કસ' દ્વારા દર્શકોનું મનોરંજન કરવા માટે ફરી પાછો ફરી રહ્યો છે. દૂરદર્શને તેના ઠ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરીને 'સર્કસ'ના પુનઃપ્રસારણની સત્તાવાર જાહેરાત કરી. દૂરદર્શને 'સર્કસ'માંથી શાહરૂખ ખાનની કેટલીક ઝલક શેર કરી અને ટ્વીટ કર્યું, 'એ કેવા દિવસો હતા, જ્યારે શાહરૂખ અમારા ટીવી સ્ક્રીન પર સર્કસમાં બબલી પાત્રમાં દેખાતો હતો. અમે એ જ યાદો સાથે પાછા ફર્યા છીએ. સર્કસ જુઓ, સોમવારથી શુક્રવાર, બપોરે ૧૨:૦૦ કલાકે માત્ર ડીડી નેશનલ પર. 'સર્કસ'માં સર્કસ મંડળના સભ્ય શેખરનની ભૂમિકા શાહરૂખની શરૂઆતની ભૂમિકાઓમાંની એક હતી અને જેઓ નેવુંના દાયકામાં દૂરદર્શન જોઈને મોટા થયા હતા તેઓને તે આજે પણ યાદ છે. વિકી અઝીઝ મિર્ઝા અને કુંદન શાહ દ્વારા દિગ્દર્શિત, સર્કસ સ્ટાર્સ રેણુકા શહાણે, પવન મલ્હોત્રા શાહરૂખે ૧૯૮૯ માં 'ફૌજી' દ્વારા ટીવીમાં પ્રવેશ કર્યો હતો. અને ૧૯૯૨માં આવેલી 'દીવાના' તેની પહેલી બોલિવૂડ ફિલ્મ હતી.'સર્કસ' મૂળ રૂપે ૧૯૮૯ અને ૧૯૯૦ની વચ્ચે પ્રસારિત થયું હતું અને લોકપ્રિય માંગ પર ૨૦૧૭ અને ૨૦૧૮ માં ફરીથી પ્રસારિત થયું હતું. આ પછી, તે કોરોના સમયગાળા દરમિયાન ૨૮ માર્ચ, ૨૦૨૦થી ફરીથી પ્રસારિત કરવામાં આવ્યું હતું. તે જ સમયે, હવે તે ફરી એકવાર દર્શકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે. શાહરૂખ ખાનની આગામી ફિલ્મની વાત કરીએ તો તે તેની પુત્રી સુહાના ખાન સાથે 'કિંગ'માં જોવા મળશે.




### બોક્સ ઓફિસ માટે આ દિવાળી ખરેખર ધનવર્ષાથી ભરપૂર

# ત્રણ મોટી ફિલ્મોની એક સાથે રિલીઝ

### સિંઘમ અગેઈન, ભૂલભુલૈયા ૩ અને અમારનને મળીને ઓનલાઈન પ્લેટફોર્મ પર બુકિંગમાં એક કરોડનો આંકડો પાર કર્યો




બોક્સ ઓફિસ માટે આ દિવાળી ખરેખર ધનવર્ષાથી ભરપૂર રહી છે. જ્યારે આ દિવાળીએ એકસાથે લગભગ સાત ફિલ્મો એક સાથે થિએટરમાં ચાલી રહી હતી. તેમાં એક સાથે બે મોટી ફિલ્મો 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' વચ્ચેની ટક્કર હોય કે પછી તમિલ ફિલ્મો 'અમારન' અને 'બ્લડી બેગર', તેલુગુ ફિલ્મો 'કેએ' અને 'લકી ભાસ્કર' તેમજ કન્નડ ફિલ્મ 'બધીરા' હતી, જે બધી ફિલ્મોએ લગભગ સારી કમાણી કરી છે. તેમાં પણ મહત્વની વાત એ છે કે ત્રણ મોટી ફિલ્મો 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' અને 'અમારન'ની ઓલાઈન ટિકિટ બૂકિંગ પ્લેટફર્મ બુકમાય શો પર લગભગ ૧ કરોડ ટિકિટ વેચાઈ છે. દિવાળી પર રિલીઝ થયેલી અન્ય ફિલ્મોનો પણ જો સમાવેશ કરવામાં આવે તો આ આંકડો હજુ વધી શકે તેમ છે. જોકે, ત્રણ મોટી ફિલ્મોએ દિવાળી વખતે બોક્સ ઓફિસ પર રાજ કર્યુ છે. દિવાળીથી ૧૨ દિવસોમાં સાઉથની ૩ ફિલ્મોએ વર્લ્ડ વાઈડ ૨૫૨ કરોડની કમાણી કરી છે. જ્યારે 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' એ ૧૧ દિવસમાં ૩૩૧ કરોડ ભારતમાં અને વર્લ્ડ વાઈડ ૩૩૫ કરોડની કમાણી કરી છે. આ આંકડાઓમાંથી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મનો અંદાજ લગાવવો મુશ્કેલ છે, પરંતુ સિવાકાર્તિકેયનની ફિલ્મની બુકમાયશો પર ૩.૭ લાખ ટિકિટો વેચાઈ છે. 'સિંઘમ અગેઈન'ની ૩.૧ લાખ ટિકિટ અને 'ભૂલભુલૈયા ૩'ની ૩.૬ ટિકિટ વેચાઈ છે. 'ભુલભુલૈયા ૩'ની વાત કરવામાં આવે તો આ ફિલ્મના એડવાન્સ બુકિંગ દ્વારા ૫૬૮.૩૭ હજાર ટિકિટ વેચાઈ હતી. પહેલા અઠવાડિયે ૨૨.૫૫ લાખ, બીજા શુક્રવારે ૧૭૯.૩૬ હજાર, બીજા શનિવારે ૨૯૨.૬૭ હજાર, બીજા રવિવારે ૨૩૨.૨૮ હજાર અને બીજા સોમવારે ૮૭.૧૨ હજાર થઈને કુલ ૩૦.૬ લાખ ટિકિટ વેચાઈ હતી. જો 'સિંઘમ અગેઈન'ની ટિકિટ વેચાણની વાત કરવામાં આવે તો એડવાન્સ બુકિંગ દ્વારા ૪૨૦.૭૮ હજાર ટિકિટ વેચાઈ હતી. પેહલાં અઠવાડિયે ૨૧.૫૫ લાખ, બીજા શુક્રવારે ૧૨૭.૫૪, બીજા શનિવારે ૨૦૫.૮૭ હજાર, બીજા રવિવારે ૧૭૧.૫ હજાર, તેમજ બીજા સોમવારની ૫૯.૩૧ હજાર મળીને કુલ ૩૦.૧ લાખ ટિકિટ વેચાઈ હતી. જો 'અમારન'ની કુલ ટિકિટના વેચાણની વાત કરીએ તો એડવાન્સ બુકિંગમાં ૫૬૮.૩૭ હજાર, પહેલા અઠવાડિયે ૨૨.૫૫ લાખ, બીજા શુક્રવારે ૧૭૯.૩૬ હજાર, બીજા શનિવારે ૨૯૨.૬૭ હજાર, બીજા રવિવારે ૨૩૨.૨૮ હજાર તેમજ બીજા સોમવારની ૮૧.૧૨ હજાર મળીને ૩.૬ મિલિયન ટિકિટ વેચાઈ હતી. આમ, અમારન આ ટિકિટ બુકિંગમાં ટોપ પર રહી હતી.

# વિકી કૌશલનો 'મહાઅવતાર' ભગવાન પરશુરામનો રોલ કરશે

### ડિસેમ્બરમાં વિકીની 'છાવા' રિલીઝ થશે

છેલ્લાં બે દિવસથી વિકી કૌશલ વધુ એક માઈથોલોજિકલ ફિલ્મમાં કામ કરવાનો હોવાની ચર્ચાઓ ચાલી હતી. મેડોક ફિલ્મ્સ હોરર કોમેડી પછી હવે એક માઈથોલોજિકલ ફિલ્મ બનાવવા જઈ રહ્યું છે. બુધવારે આ ફિલ્મનો પહેલો લૂક લોંચ કરવામાં આવ્યો હતો. જેમાં વિક્કી કૌશલ ચિરંજીવી ભગવાન પરશુરામનો રોલ કરવાનો છે. યોદ્ધા ભગવાન પરશુરામની ફિલ્મને 'મહાઅવતાર' નામ આપવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પર આ પોસ્ટર શેર કરવામાં આવ્યું હતું. આ પોસ્ટર શેર થતાં જ વિકીના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયા છે. લોકોએ વિકી કૌશલને એક કાચિંડા સાથે સરખાવ્યો છે, જે દરેક ફિલ્મના પાત્રમાં સરળતાથી પોતાની જાતને ઢાળી દે છે. પરશુરામના અવતારમાં વિકી લાંબા વાળ અને લાંબી દાઢી-મૂછ સાથે એકદમ આક્રમક અવતારમાં જોવા મળે છે. સાથે જ એનું બૉડી પણ યોદ્ધા જેવું દેખાય છે. વિકીએ આ પોસ્ટર શેર કરતાં કૅપ્શનમાં લખ્યું હતું, "દિનેશ વિજાન લઈને આવે છે ધર્મના યોદ્ધાની સ્ટોરી! મહાવતારમાં વિકી કૌશલ ચિરંજીવી પરશુરામ તરીકે જોવા મળશે, જે અમર કૌશિક દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે અને ક્રિસમસ ૨૦૨૬ પર સિનેમામાં રજૂ થશે."જોકે, વિકીના ફૅન્સ દ્વારા અત્યારથી જ આ ફિલ્મને બ્લોકબસ્ટર જાહેર કરી દેવામાં આવી છે.

## ધર્મજ્ઞાન

# બોધકથા : ક્રોધને જીતવા ઇચ્છા ઉપર નિયંત્રણ જરૂરી છે



સંકલનઃ
સુમિત્રાબેન દાદુભાઇ નિરંકારી
છક્કડીયા( ધાણીત્રા)
તા.ગોધરા જી.પંચમહાલ

જ્યારે કોઇ વ્યક્તિને ક્રોધ આવે છે ત્યારે કોઇ તેને કહે કે આપે ક્રોધ ના કરવો જોઇએ ત્યારે તેને પોતાનું અપમાન થતું હોય તેવું લાગે છે.પોતાનું અપમાન કોઇને સારૂં લાગતું નથી તેથી અપમાનથી બચવા,પોતાના સન્માનની રક્ષા કરવા અને પોતાને નિર્દોષ સાબિત કરવા તેને ક્રોધ કેમ આવે છે? તેના કારણો કહેવા લાગે છે કે ફલાણો વ્યક્તિ મને ખરાબ બોલ્યો તેથી મને ક્રોધ આવ્યો છે તેમ કહી પોતાનો બચાવ કરે છે અને પોતાને દોષરહિત માને છે,પરંતુ વાસ્તવિકતા એ છે કે જ્યારે વ્યક્તિ ક્રોધ કરે છે તો તેની પાછળ કોઇને કોઇ કારણ હોય છે એટલે જ્યારે ક્રોધ આવે ત્યારે તેના કારણો ના બતાવો કે આ કારણસર મને ક્રોધ આવ્યો છે.

ક્રોધથી થનાર નુકશાનથી બચવા ઈચ્છતા હો તો પોતાના મન અને વાણી ઉપર સંયમ રાખવો એ જ ક્રોધથી બચવાનો ઉપાય છે.મન અને વાણી ઉપર સંયમ કેવી રીતે રાખી શકાય? તેનો ઉપાય બતાવતાં સંતો કહે છે કે ક્રોધને જીતવા ઈચ્છા ઉપર નિયંત્રણ જરૂરી છે.અમે ઈચ્છાઓ ઓછી રાખીશું તો જ ક્રોધને જીતી શકીશું કારણ કે અમારી ઈચ્છાઓ પુરી ના થાય ત્યારે જ ક્રોધ આવે છે.આજદિન સુધી કોઈપણ વ્યક્તિની તમામ ઈચ્છાઓ પુરી થઈ શકતી નથી.

ક્રોધને જીતવા માટે પોતાની ઈચ્છાઓ ઉપર નિયંત્રણ કરીએ,દરેક સાથે મીઠા વચન બોલીએ તથા સુખપુર્વક જીવન જીવીએ..ક્રોધથી જીવનની એકાગ્રતા ભંગ થાય છે.ક્રોધી વ્યક્તિ માનસિક હિંસા કરી બેસે છે.ક્રોધના કારણે વ્યક્તિ અનર્થ કરી બેસે છે અને પાછળથી તેને પશ્ચાતાપ થાય છે.ક્રોધ કરવાથી તન મન ધનની હાની થાય છે.ક્રોધથી વધુ હાનિકરક કોઇ વસ્તુ નથી.

આપણે બીજું બધું સહન કરી શકીએ છીએ પણ પોતાનાઓ દ્વારા આપવામાં આવેલ પીડા સહન કરી શકતા નથી.એકવાર સોનાના એક ટુકડાએ લોખંડના ટુકડાને પુછ્યું કે હથોડીથી તને પણ પીટવામાં આવે છે અને મને પણ ટીપવામાં આવે છે.હું તારાથી વધુ નાજુક છું પરંતુ જ્યારે તને ટીપવામાં આવે છે ત્યારે તું કેમ આટલો બધો બુમરાણ કરે છે? ત્યારે લોખંડના ટુકડાએ કહ્યું કે આ વાતને તું નહી સમજી શકે ! જે પોતાનાં દુઃખ આપે છે તે અસહ્ય હોય છે ! આ સાંભળી સોનાનો ટુકડો શાંત થઈ ગયો,એટલા માટે જરા સમજી વિચારીને ચાલીએ ! ક્યાંક જાણે અજાણે અમારાથી પોતાનાઓને મન વચન કર્મથી આઘાત ના પહોચે, દુઃખ ના થાય અને હા..આ બધું ક્રોધના કારણે જ થાય છે.

હવે અમારે એ નક્કી કરવાનું છે કે અમારે ક્રોધને છોડવો છે કે અમારાં પોતાનાં છે તેમને છોડવાં છે.હવે અમે જો ખરેખર ક્રોધને છોડવા માંગતા હોઈએ તો તેના માટેના પ્રયત્નો પણ અમારે જ કરવા પડશે.ક્રોધ ઉપર નિયંત્રણ કરવું કઠન છે પરંતુ અસંભવ નથી.જો અમારે અમારૂં બાકીનું જીવન સુખ-શાંતિથી પસાર કરવું હોય તો એકાંતમાં બેસીને વિચાર કરીએ કે કેવા પ્રયત્નો કરવાથી ક્રોધને કાબૂમાં કરી શકાય? કારણ કે પોતાને પોતાનાથી અધિક બીજું કોન જાણી શકે? અમારા આવા વિચારોથી અવશ્ય કોઇને કોઇ ઉપાય મળી જશે તેમાં કોઇ શંકા નથી અને આમ કરવાથી અમારી ખામીઓ અને કમજોરીઓની પણ અમોને ખબર પડી જાય છે.અમે જેટલીવાર ગુસ્સો કરીએ છીએ તેટલીવાર અમારા શરીરમાં એસિડ બને છે જેનાથી અમે નષ્ટ થઇ જઇએ છીએ. ક્રોધનો શિકાર ક્રોધ કરનાર વ્યક્તિ થાય છે એટલે અમારે ક્રોધને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરવાનો છે.

# ૐ ના ઉચ્ચારણથી થતા લાભો





આલેખનઃ
વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ

ૐ હિંદુ ધર્મમાં પવિત્ર ધ્વનિ અને આધ્યાત્મિકતાનું પ્રતિક છે જે પરમ વાસ્તવિકતા કે ચેતનાનો સાર છે.તેને મોટા ભાગે પ્રાર્થનાની શરૂઆત અને અંતમાં ઉચ્ચારણ કરવામાં આવે છે જે બ્રહ્માંડની કંપન ઉર્જાનું પ્રતિક છે જે આધ્યાત્મિક જાગૃતિ વધારે છે.બધા મંત્રોમાં ૐ કાર ઉત્તમ છે. ૐ કાર એટલે વેદત્રયીનો સાર. ૐ કારની વિદ્યા એ અક્ષરવિદ્યા છે.અક્ષર એટલે અવિનાશી અને અવિનાશી એટલે પરબ્રહ્મ પરમાત્મા. બ્રહ્મવાદીઓના યજ્ઞ,દાન,તપ.. વગેરે ક્રિયાઓનો ૐ કારનો ઉચ્ચાર કરીને જ શરૂ થાય છે.ટૂંકમાં ૐ કાર પરબ્રહ્મનું પ્રતિક છે.

ફક્ત પાંચ મિનિટ ૐકારના ઉચ્ચારણથી ચમત્કારિક શારીરિક અને માનસિક લાભ થાય છે.ૐકાર ત્રણ અક્ષરોથી બનેલ છે :અ ઉ મ્.. અ-નો અર્થ થાય છે ઉત્પન્ન થવું, ઉ-નો અર્થ છે ઉઠવું-ઉડવું એટલે કે વિકાસ અને મ-નો અર્થ છે મૌન થઈ જવું એટલે કે બ્રહ્મમાં લીન થઈ જવું.સવારે વહેલા ઉઠીને પવિત્ર થઈને ૐ કારનું ઉચ્ચારણ કરવું જોઇએ.

ૐકારનું ઉચ્ચારણ કરવાથી સમગ્ર શરીર તનાવ રહિત બની જાય છે,શરીરમાંના ઝેરી તત્વો દૂર થાય છે,હ્રદય અને લોહીના પ્રવાહને સંતુલિત કરે છે, પાચનશક્તિ તેજ બને છે.શરીરમાં યુવાવસ્થા જેવી સ્ફૂર્તિ આવે છે,થાક લાગતો નથી,જેને અનિદ્રાની બિમારી હોય તે દૂર થાય છે,પ્રાણાયામની સાથે ૐ કારનું ઉચ્ચારણ કરવાથી ફેફસા મજબૂત થાય છે, ૐ કારનું ઉચ્ચારણ કરવાથી ગળામાં કંપન પેદા થાય છે જેનાથી થાઈરોઈડ ગ્રંથી ઉપર પ્રભાવ પડતાં થાઈરોઈડની બિમારી થતી નથી.

મનની ઉપર નિયંત્રણ કરીને શબ્દોથી ઉચ્ચારણ કરવાની ક્રિયાને મંત્ર કહે છે.મંત્રવિજ્ઞાનનો સૌથી વધારે પ્રભાવ અમારા મન અને તન ઉપર પડે છે.મંત્રનો જપ એક માનસિક ક્રિયા છે.કહેવામાં આવે છે કે જેવું મન તેવું તન..એટલે કે જો અમે માનસિક રૂપથી સ્વસ્થ્ય છીએ તો અમારૂં તન પણ સ્વસ્થ્ય રહેશે. મનને સ્વસ્થ્ય રાખવા માટે મંત્રનો જપ કરવો આવશ્યક છે.ૐકારનો જપ કરવાથી શારીરિક અને માનસિક પીડાનું શમન થાય છે,ૐના જપથી અનિષ્ટનો નાશ થાય છે અને વ્યક્તિની બુદ્ધિ ક્ષમતામાં વધારો કરે છે.ૐનું ઉચ્ચારણ કરવાથી ઘણી બધી સમસ્યા તનાવ તથા બિમારીઓ દૂર થાય છે.ૐતમામ મંત્રોનો બીજ મંત્ર છે.ઘરમાં ૐનું નિયમિત ઉચ્ચારણ કરવાથી વાસ્તુદોષો દૂર થાય છે,તન અને મન શુદ્ધ રહે છે અને માનસિક શાંતિ મળે છે. ૐમાં ત્રિદેવોનો વાસ હોય છે. ૐ સમસ્ત સૃષ્ટિનું પ્રાણતત્વ મનાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા(અ.૮/૧૨-૧૩) માં ભગવાન કહે છે કેઃ ''બધી ઈન્દ્રિયોના તમામ દ્વારોને રોકીને મનને હ્રદય-પ્રદેશમાં સ્થિર કરીને પોતાના પ્રાણોને મસ્તકમાં સ્થાપીને યોગધારણામાં સમ્યક પ્રકારે સ્થિત થઈને જે સાધક ૐ એ એક અક્ષર બ્રહ્મનું માનસિક ઉચ્ચારણ અને મારૂં એટલે કે નિર્ગુણ નિરાકાર પરમ અક્ષરબ્રહ્મનું ચિંતન કરતો શરીરને છોડીને જાય છે એ મનુષ્ય પરમગતિને પામે છે.''

અંત સમયે તમામ ઈન્દ્રિયોના દ્વારોનો સંયમ કરી લે એટલે કે શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ-આ પાંચેય વિષયોથી કાન ત્વચા નેત્ર રસના અને નાક-આ પાંચેય જ્ઞાનેન્દ્રિયોને તથા બોલવું, ગ્રહણ કરવું, ચાલવું, મૂત્રત્યાગ અને મળત્યાગ-આ પાંચેય ક્રિયાઓથી વાણી હાથ પગ ઉપસ્થ અને ગુદા- આ પાંચેય કર્મેન્દ્રિયોને હટાવી લે એનાથી ઈન્દ્રિયો પોતાના સ્થાનમાં રહેશે.મનનો હ્રદયમાં જ નિરોધ કરી લેવો એટલે કે મનને વિષયો તરફ ના જવા દેવું એથી મન પોતાના સ્થાન હ્રદયમાં રહેશે. પ્રાણોને મસ્તકમાં ધારણ કરી લેવા એટલે કે પ્રાણો ઉપર પોતાનો અધિકાર પ્રાપ્ત કરીને દશમા દ્વાર બ્રહ્મરંધમાં પ્રાણોને રોકી લેવા.મનથી સંકલ્પ વિકલ્પ ન કરવા અને પ્રાણો ઉપર અધિકાર પ્રાપ્ત કરવો એને જ યોગધારણામાં સ્થિત થવું કહે છે. ત્યાર પછી એક અક્ષર બ્રહ્મ ૐ (પ્રણવ)નું માનસિક ઉચ્ચારણ કરવું અને પરમાત્માનું એટલે કે નિર્ગુણ નિરાકાર પરમ અક્ષર બ્રહ્મનું સ્મરણ કરવું. જે મનુષ્ય ૐ આ એક અક્ષર પ્રણવનું ઉચ્ચારણ કરીને અને ભગવાનનું સ્મરણ કરીને શરીર છોડીને જાય છે તે પરમગતિને પ્રાપ્ત થાય છે.

www.soham24.com
સોહમ્ ૨૪ સાપ્તાહિક
કાર્યાલય : રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર. Mo. 90333 00345
Email : soham24info@gmail.com - info@soham24.com
સોહમ્૨૪ સાપ્તાહિક ન્યુઝ સાથે જોડાવવાની ઉત્તમ તક...
સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા વઢવાણ, લખતર, મુળી, સાયલા, થાન, ચોટીલા, લીંબડી, ધ્રાંગધ્રા, પાટડી-દસાડા, ચુડા મથકો ઉપર સમાચાર અને જાહેરાતનું કામ સંભાળી શકે તેવા ઉત્સાહી પત્રકારોની જરૂર છે, સાથે જાહેરખબરનું કામ કરી શકે તે માટે એજન્સી આપવાની છે. બહોળો અનુભવ ધરાવતા પત્રકારત્વ કરતા રિપોર્ટરને અગ્રીમતા આપવામાં આવશે...

# બાલવાડી




એક કૂતરી હતી. કૂતરીને ચાર ગલૂડિયાં હતાં. રહેવા માટે તેની પાસે કોઈ જગ્યા નહોતી. શિયાળો આવી પહોંચ્યો. ખૂબ ઠંડી પડવા માંડી. કૂતરી અને બચ્ચાં ઠંડીમાં ધ્રૂજવા માંડ્યાં. કૂતરીને થયું કે જો રહેવાની કોઈ વ્યવસ્થા નહીં કરું તો બચ્ચાં મરી જશે. નજીકમાં જ એક કૂતરાની બખોલ હતી. કૂતરી કૂતરાને આજીજી કરીને બોલી, 'ભાઈ, મારાં ગલૂડિયાં ટાઢમાં મરી જશે. બખોલમાં જગ્યા હોય તો બચ્ચાંને તેમાં રહેવા દોને.'

કૂતરો ભલો હતો. તે બોલ્યો, 'બચ્ચાંને પણ લઈ આવ અને તું પણ આવી જા. હું બીજે જાઉં છું. થોડા દિવસ પછી આવીશ. ત્યાં સુધીમાં ટાઢ ઓછી થઈ જશે.'

કૂતરો જતો રહ્યો. જોતજોતામાં થોડાં દિવસો વીતી ગયા. ટાઢ પણ ઓછી થઈ ગઈ. એક દિવસ કૂતરો આવી પહોંચ્યો. કૂતરીને કહ્યું, 'હવે મારું ઘર ખાલી કરી આપ.'

કૂતરીને એ ઘર છોડવું નહોતું. એણે બહાનું કાઢીને કહ્યું, 'મારાં બચ્ચાં હજી નાનાં છે. એમને લઈને ક્યાં જાઉં? થોડા દિવસ હજી અમને રહેવા દો તો મહેરબાની.'

કૂતરો બોલ્યો, 'ભલે, થોડા દિવસ રહો. પણ હવે પાછો આવું ત્યારે ઘર ખાલી કરી આપજે.'

કૂતરો જતો રહ્યો. થોડો સમય વીતી ગયો. એક દિવસ કૂતરો આવી પહોંચ્યો. કૂતરાને દૂરથી આવતો જોઈને કૂતરી બખોલમાંથી બહાર આવી ગઈ. કૂતરો બોલ્યો, 'હવે તો બચ્ચાં મોટા થઈ ગયાને?'

કૂતરીએ રોફ દેખાડતાં કહ્યું, 'હા બહુ મોટા થઈ ગયાં છે. એ ચાર ને હું પાંચમી. ને તું છે એકલો. જરા પણ ડબડબ કરીશ તો જોવા જેવી થશે. માટે છાનોમાનો જતો રહે અહીંથી.'

કૂતરો સમજી ગયો કે કૂતરીની દાનત બગડી છે. એણે પોતાનું ઘર પચાવી પાડ્યું છે. એ કંઈ બોલવા જાય ત્યાં તો મોટામોટા ચાર ડાઘીયા કૂતરા બહાર આવ્યા ને જોરથી ઘૂરકવા માંડ્યા. કૂતરો નિરાશ થઈ ત્યાંથી ચાલતો થયો. ઘર ગુમાવ્યાનું એને બહુ દુઃખ થયું. પણ વધુ દુઃખ તો એને એ વાતનું થયું કે જે કૂતરી પર દયા કરી એ કૂતરીએ જ એનું ઘર આંચકી લીધું. પોતે એના પર ઉપકાર કર્યો પણ એણે અપકાર કરી બદલો વાળ્યો.

બીજા ઉપર ઉપકાર કરવા જતી વખતે એ વાત હંમેશા યાદ રાખવી કે આ જગતમાં ઘણા લોકો ઉપકારનો બદલો અપકારથી પણ વાળે છે. એટલે સમજી વિચારીને જ ઉપકાર કરવો!

## નજીક આવે છે એ મારી ને અડવા પણ નથી દેતી

નજીક આવે છે એ મારી ને અડવા પણ નથી દેતી
મને છંછેડીને પાછી ઝગડવા પણ નથી દેતી
કરી વાતો જુદાઈની મને રડમસ કરી મૂકશે
પછી ગમ્મત કરી કહે છે ને રડવા પણ નથી દેતી
હું એની છેડતી કરનાર પર ગુસ્સો કરું ત્યારે
એ ઝાલી બાવડું રોકે છે લડવા પણ નથી દેતી
જુદાઈની પળે જળ આંખના ખૂણે તો બાઝે છે
પણ એ આંસુ નયનમાંથી દદડવા પણ નથી દેતી
ધરી ધીરજ ઘણી તો પણ મને એ મારી ધીરજના
ફળો મીઠા નથી દેતી ને કડવા પણ નથી દેતી
કહે છે મિત્ર છો મારા તમે સૌથી કરીબી પણ
નથી એ પ્રેમમાં પડતી ને પડવા પણ નથી દેતી

– હેમંત


## જન્મ દિવસની શુભેચ્છા

સોહમ્૨૪ સાપ્તાહિકમાં આપના બાળકના જન્મ દિવસની તસવીર નિઃશુલ્ક છાપી આપીશુ...
બાળકની તસવીર તેમના જન્મના પ્રમાણપત્ર સાથે જરૂરી છે
૧૦ દિવસ પહેલા સંપૂર્ણ વિગતો આપવાની રહેશે
બાળકની ઉંમર ૧૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ...

સોહમ્૨૪ સાપ્તાહિક
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.


## સોહમ્૨૪ પરિવાર દ્વારા જન્મ દિવસની શુભેચ્છા




નામ : ચૌહાણ ધ્યાના
પિતા : કલ્પેશભાઈ
માતા : ક્રિષ્ણાબેન
સ્થળ : સુરેન્દ્રનગર

આપના બાળકના જન્મ દિવસ શુભેચ્છા માટે સોહમ્ ૨૪ સાપ્તાહિક દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે. આપના બાળકનું નામ, માતા-પિતાનું નામ અને જન્મ સ્થળની વિગતો સાથે બાળકના ફોટા નીચેના નંબર પર મોકલો
75750 20982

## અંતર મંતર જંતર

અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં, તને ચકલી બનાવી દઉં
જુઓ આ ટોપલી છે ખાલી (૨)
તેમાં પરી આવે મતવાલી (૨)
મારી ટોપલીમાં જાદુ, તેમાં પરીને બેસાડું
તેનું સસલું બનાવી દઉં, તેનું સસલું બનાવી દઉં
અંતર મંતર જંતર
જુઓ આ ગંજીફાની રમત (૨)
રમતમાં છે મોટી ગમ્મત (૨)
પહેલા રાજા આવે છે, પછી રાણી આવે છે
તેને ગુલામ બનાવી દઉં, તેને ગુલામ બનાવી દઉં
અંતર મંતર જંતર
જુઓ આ નાનો છે ઢિંગુ (૨)
તેનું નામ પાડ્યું છે મેં તો પિંગુ
પિંગુ ખૂબ દોડે છે, ઊંચા પહાડ કૂદે છે
એનું લીંબુ બનાવી દઉં, એનું લીંબુ બનાવી દઉં
અંતર મંતર જંતર

-નિલેશ વાઘેલા

## મજા જિંદગી છે હસો ને હસાવો

મજા જિંદગી છે હસો ને હસાવો
પ્રણયગાનના સૂર ઉરથી વહાવો.
વહી જાય તો કાળ પાછો ન આવે,
લઈ લો ને જીવન તણો સર્વ લ્હાવો.
અનીતિ ને નીતિ છે જૂઠું બધુંયે,
બધાં બંધનો એહ દૂરે ફગાવો.
જુઓ આસપાસે ચમનમાંહીં ફૂલો,
ખીલ્યાં એવી ખૂશબોને અંતર જગાવો.
ભરી છે મજા કેવી કુદરત મહીં જો,
જિગર-બીન એવું તમેયે બજાવો.
ભૂલી જાઓ દુઃખો ને દર્દો બધાંયે,
અને પ્રેમ-મસ્તીને અંતર જગાવો.
ડરો ના, ઓ દોસ્તો! જરા મોતથીયે,
અરે મોતને પણ હસીને હસાવો.

– ભાનુશંકર વ્યાસ



સુરેન્દ્રનગરના સુપ્રસિધ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે કાર્તિકી પૂનમે ચામુંડા માતાજીના દર્શનાર્થે ભાવિકો ઉમટયા હતા. ગુજરાતના જુદા-જુદા જિલ્લાઓમાં સૌથી વધુ પગપાળા સંઘના યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.ત્યારે કાર્તિકી પૂનમ ને દેવ દિવાળીના પાવન પર્વે પરોઢે ૪:૩૦ કલાકે ડુંગર પર માતાજીના મંદિર જવા માટે પગથિયાના દ્વાર ખુલતાની સાથે જ ભકતો મા ના દર્શન જવા માટે ભીડ જોવા મળી હતી. આમ દેવ દિવાળી મોટી સંખ્યામાં ભાવિકો ચોટીલા ધામે ઉમટી પડતા ડુંગર તળેટીની બજારોમાં રોનક જોવા મળતા લાંબા સમયના વિરામ બાદ વેપારીઓમાં ખુશી જોવા મળી હતી.

### ‘જનજાતિય ગૌરવ દિવસ’ની ઉજવણી નિમિત્તે

# રાણાગઢ માધ્યમિક શાળા ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો



સુરેન્દ્રનગર :

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને રાણાગઢ માધ્યમિક શાળા તા.લીંબડી ખાતે ‘જનજાતિય ગૌરવ દિવસ’ની ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સંબોધન કરતાં જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૨૩થી ‘પીએમ જનમન’ અભિયાન હેઠળ આદિમ જૂથના તમામ પરિવારોને સરકારની વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરી વિકાસની મુખ્ય ધારામા લાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. ‘પીએમ જન મન’ અભિયાન અંતર્ગત આદિમજુથના કુટુંબોને પ્રાથમિક અને મૂળભુત સુવિધાઓ સહિત સરકારની કલ્યાણકારી યોજનાઓ હેઠળ આવરીને સમાજની મુખ્ય ધારામાં પ્રસ્થાપિત કરવાના ધ્યેય મંત્ર સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. દેશમાં ૭૦૦થી પણ વધારે અનુસૂચિત જનજાતિઓના ૧૦.૪૫ કરોડ જેટલાં લોકો વસવાટ કરે છે. કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ PVTGને ઘર આંગણે મળી રહે તે હેતુથી ‘પીએમ જન મન’ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા.૨૮/૧૨/૨૦૨૩ થી તા.૧૫/૧૧/૨૦૨૪ સુધી ૧૦ ટીમો બનાવી ૬૯ કેમ્પો કરી જિલ્લામાં ૧૦૦% સેચ્યુરેશન થાય તે માટે દિવસ-રાત મહેનત કરી છે. જિલ્લામાં PVTG વિસ્તારના નાની કઠેચીમાં ૦૩, રાણાગઢમાં ૦૨, રળોલમાં ૦૧ અને પરાલીમાં ૦૧ એમ કુલ ૦૭ આંગણવાળી મંજૂર કરવામાં આવી છે. રાણાગઢ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રૂ.૭.૩૩ કરોડના કુલ ૨૨ કામોનું ખાતમુર્હુત અને રૂ.૫૫.૬૦ લાખના ૧૨ કામોનું લોકાર્પણ થયું હતું. આ ઉપરાંત ૨૧૦ લાભાર્થીઓને આવાસ યોજનામાં ગૃહ પ્રવેશ તેમજ ૧૪૪૦ લાભાર્થીઓને આવાસ યોજનાના પ્રથમ તબક્કાની સહાય આપવામાં આવી હતી. ઉપસ્થિત તમામ લોકોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ રસપુર્વક નિહાળ્યું હતું. જિલ્લા કલેકટર કે.સી.સંપટ દ્વારા કાર્યક્રમનું સ્વાગત પ્રવચન અને પ્રાંત અધિકારી કુલદીપ દેસાઈ દ્વારા કાર્યક્રમની આભાર વિધિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં લીંબડી ધારાસભ્ય કિરીટસિંહ રાણા, દસાડા ધારાસભ્ય પી.કે.પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ હરપાલસિંહ રાણા, જિલ્લા કલેકટર કે.સી.સંપટ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ તન્ના, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક આર.એમ. જલંધરા, પ્રાંત અધિકારી કુલદીપ દેસાઈ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી મિલન રાવ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ/ કર્મચારીઓ, મહાનુભાવો, અગ્રણીઓ અને મોટી સંખ્યમાં આદિમબંધુઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સુરેન્દ્રનગરમાં ડાયાબીટીસના દર્દીઓ માટે કેમ્પ યોજાયો



સુરેન્દ્રનગર :

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે ૧૪ નવેમ્બર ૨૦૨૪ ના રોજ ડાયાબિટીસ દિવસ નિમિત્તે સુરેન્દ્રનગર જિલ્લામાં મહાત્મા ગાંધી હોસ્પિટલ નર્સિંગ કોલેજ ગ્રાઉન્ડ સુરેન્દ્રનગર ખાતે ૧૫ દિવસનો ડાયાબિટીસ યોગ કેમ્પ નું આયોજન થયું હતુ. જેમાં યોગ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત ના કેમ્પમાં કલેકટર કે . સી. સંપત ભરતસિંહ ગોહિલ ( યુવા વિકાસ અધિકારી) , ડો.ચૈતન્ય (ચીફ મેડિકલ ઓફિસર ગાંધી હોસ્પિટલ), ડો. તારવાણી (સરકારી આયુર્વેદિક અધિકારી), હસમુખસિંહ પરમાર(માનવ વિકાસ અધિકાર સંઘ), ડો. રાકેશ પરાલીયા અને તેમની એનસીડી વિભાગની ટીમ, તેમજ જામભા ઝાલા (પતંજલિ યોગ) વગેરે પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા .

આ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે સુરેન્દ્રનગર જિલ્લા કોઓર્ડીનેટર મોનિકાબેન ચુડાસમા, ભારતીબેન કવૈયા (યોગ કોચ), પરેશભાઈ પરમાર (સોશિયલ મીડિયા કો-ઓર્ડીનેટર), અંજનાબેન કવા (કોચ), ઈલાબેન કવા (કોચ) તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સમગ્ર ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૦૦ થી પણ વધારે ડાયાબિટીસ પેસન્ટેને યોગ કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમનું મેડિકલ ચેકઅપ પણ કરાવવામાં આવ્યું હતું. અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# મુળી નવા રાયસંગપર પ્રાથમિક શાળામાં બેજવાબદાર શિક્ષકને નોટીસ

સુરેન્દ્રનગર:

સુરેન્દ્રનગર જિલ્લામાં મુળી તાલુકાની નવા રાયસંગપર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષક કેતનકુમાર આર.બોળા ઘણા લાંબા સમયથી બિનઅધિકૃત રીતે ગેરહાજર છે. બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેવા બદલ બાળકોના શિક્ષણ પર પણ ગંભીર અસર પડી રહી છે. જિલ્લા શિક્ષણ સમિતિની કચેરી દ્વારા વારંવાર મૌખિક-લેખિત જાણ કરવા છતાં ફરજના સ્થળે હાજર થયા ન હોવાથી, નોકરીમાંથી દુર કરવાની વિચારણા પણ કરવામાં આવી હતી. ત્યારે ફરજમાં બે જવાબદારી દાખવનાર શિક્ષકને જિલ્લા શિક્ષણ સમિતિની કચેરી સમક્ષ ખુલાસા સાથે હાજર થવા માટે નોટીસ આપવામાં આવી છે. જે અંગેની જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણ સમિતિ, સુરેન્દ્રનગરની એક જાહેર નોટીસમાં જણાવાયું છે.

## પ્રથમ માસિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



સ્વ.નિકુંજ જયેશભાઈ શાહ

સ્વ.તા.૨૦/૧૦/૨૦૨૪ (રવિવાર)

જીવન એવુ જીવી ગયા, કયારેય ભુલાય નહી,
થોડુ જીવન જીવ્યા પણ સૌના દિલમાં રહી ગયા,
સદાય સૌના માટે જીવ્યા, અનેક યાદોના સંભારણા મુકતા ગયા,
આપની અણધારી વિદાયને એક માસ વિતી ગયો છતાં
અમારી વચ્ચે હાજર દેખાય છે.
જીવનના દરેક તબક્કે તમારી યાદ જીવંત થઈ જાય છે.
વસમી વિદાય સ્વીકારવા મન તૈયાર નથી,
આપના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના...

લિ.
શાહ જયેશભાઈ જે. (પિતા) (કોરડા)
શાહ ચિરાગભાઈ જે. (ભાઈ) (કોરડા)
શાહ પ્રફુલભાઈ જે. (દાદા) (અમદાવાદ)
સંઘવી કેતનકુમાર એસ. (બનેવી) (લાઠીદડ)
તથા સહ પરિવાર - મુ.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર.

આપના ધંધા વ્યવસાયની જાહેરાતનું સચોટ માધ્યમ



આપના બજેટમાં જ આપના ધંધાનો વિકાસ...
તો પછી રાહ કોની જુઓ છો..
આજે આપની જાહેરાત બુક કરાવો
અને મેળવો આકર્ષક લાભ...

75750 20982

સોહમ્ ૨૪ સાપ્તાહિક
રાજનાથ મહાદેવ મંદિર પાસે, કુંથુંનાથ દેરાસર ચોક, રાજનાથ ચેમ્બર, શોપ નંબર - ૨, પહેલા માળે, સુરેન્દ્રનગર.

Email : soham24info@gmail.com
www.soham24.com

# સુરેન્દ્રનગર શહેરમાં આધારકાર્ડ અપડેટ ઈ-કેવાયસીમાં અરજદારોને હાલાકી

સુરેન્દ્રનગર :

તાજેતરમાં સરકાર દ્વારા આગામી તા.૩૦ નવેમ્બર સુધીમાં દરેક રેશનકાર્ડધારકોને રેશનકાર્ડના ફરજિયાત કેવાયસી અપડેટ કરવાની જાહેરાત કરી છે. જેના ભાગરૂપે સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરી વિસ્તારમાં રેશનકાર્ડમાં ઈ-કેવાયસી કરાવવા માટે તેમજ આધારકાર્ડમાં અપડેટ કરાવવા માટે સવારથી લાંબી લાઈન જોવા મળી રહી છે. જેમાં સુરેન્દ્રનગર કલેકટર કચેરી ખાતે આવેલા સેવા સદન તેમજ ટાવર પાસે આવેલી મુખ્ય પોસ્ટ ઓફીસ માં આ કામગીરી ચાલી રહી હોય ત્યારે સવારથી લાભાર્થીઓની ઈ-કેવાયસી તેમજ આધારકાર્ડ માટે ભીડ જોવા મળે છે.

સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરી વિસ્તારમાં ગણયાગાંઠયા જગ્યાએ આધારકાર્ડ અપડેટ, ઈ-કેવાયસીની કામગીરીના કેન્દ્રો કાર્યરત હોવાથી લાભાર્થીઓને સવારથી લાંબી લાઈનમાં ઉભા રહેવાનો વારો આવી રહ્યો છે. જેને લઈ શહેરમાં અન્ય જગ્યાઓ પર પણ આધાર સેન્ટર ખોલવામાં આવે તેવી માગ ઉઠવા પામી છે.

ખાસ કરીને શહેરી વિસ્તારમાં આધાર કેન્દ્ર હોવાથી લોકોને ઈ-કેવાયસી સહિતની કામગીરી માટે હાલાકી પડી રહી છે. નોકરી-ધંધો તેમજ ઘરકામ છોડી અરજદારોને લાંબી લાઈનોમાં ઉભા રહેવાનો વારો આવ્યો છે. બીજી બાજુ ધીમી ઈન્ટરનેટની સ્પીડથી લાભાર્થીઓને વધુ રાહ જોવી પડી રહ્યાની ફરિયાદ સાંભળવા મળી છે, તો ક્યારેક સર્વર પ્રોબ્લેમ થી સવારથી આધારકાર્ડની કામગીરી કરવા પહોંચેલા અરજદારોને ધક્કા ખાવા પડતા હોવાની ફરિયાદો ઉઠી છે.વધુ ભીડના કારણે એક દિવસમાં વારો પણ આવતો નથી અને ધરમનો ધક્કો ખાવો પડે છે. લાભાર્થીઓને હાલાકી ન પડે તે માટે શહેરમાં અન્ય જગ્યાએ પણ આધાર સેન્ટર શરૂ કરવામાં આવે તેવી માગ ઉઠી છે.

## જિલ્લાના પેન્શનોરો સન્માન કાર્યક્રમ યોજાશે

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લા નિવૃત કર્મચારીની મંડળની વાર્ષિક સભા આગામી તા.૧૭ ડિસે.ને મંગળવારના રોજ યોજાનાર છે. જેમાં તા.૩૦ નવે.ના રોજ જે પેન્શનરોને ૭૦ વર્ષ પુરા થઈ ગયા હોય તેઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવનાર છે. આથી આ બાબતે ભાગલેવા ઈચ્છુકોએ સુરેન્દ્રનગર જિલ્લા નિવૃત કર્મચારી મંડળની ઓફિસનો સંપર્ક કરવા કે.એન.રાજદેવ દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## લીંબડી સબજેલમાંથી બે મોબાઈલ મળ્યા

લીંબડી :

લીંબડી સબ જેલમાંથી પ્રતિબંધીત વસ્તુઓ મળી આવતા ૪ કેદીઓ સામે ફરિયાદ થવા પામી છે. લીંબડી સબ જેલના ઈન્ચાર્જ જેલર અને લીંબડી મામલતદાર દીક્ષીતસિંહ પ્રવિણસિંહ લીંબડે જેલમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓને સાથે રાખી તપાસ કરી હતી. જેમાં કેદી રમેશ જાડુભાઈ પરમાર, સંજય જીવણભાઈ રાઠોડ, ઈમરાન બાઉદીન ખલીફા પાસેથી જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ મળી આવી હતી. આ ઉપરાંત બાથરૂમમાં અને ટોયલેટમાં પ્લાસ્ટીકની થેલીમાં રાખેલા બે મોબાઈલ પણ ચેકીંગ દરમિયાન મળી આવ્યા છે.



તસવીર : હાર્દિક ઝાલા

લખતરના ભાથરીયા ગામની દીકરી વંદનાબેન મહિપતભાઈ મેણીયા બીએસએફમાં ૨૦૨૩ માં સિલેકટ થઈ છે. આથી ટ્રેનિંગ અર્થે પંજાબના હોશિયાર પુર ખાતે આવેલ ટ્રેનિંગ સેન્ટરમાં ટ્રેનિંગ માટે ગઈ હતી. જે ૧૧ મહિનાની ટ્રેનિંગ પુરી થતાં માદરે વતન પરત ફરતા લખતર થી ભથરીયા ગામ સુધી કાર અને બાઈક રેલી સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાથરીયા ગામમાં પહેલી દીકરી બીએસએફમાં ૧૧ મહિનાની ટ્રેનિંગ પુરી કરી માદરે વતન પરત ફરતા ગ્રામજનો દ્વારા દીકરીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## જાહેરનામા ભંગની ૨૯ ફરિયાદ નોંધાઈ

સુરેન્દ્રનગર :

સુરેન્દ્રનગર જિલ્લામાં વધતા જતા ક્રાઈમ રેટને કંટ્રોલ કરવા જિલ્લાની પોલીસ દ્વારા એકશન પ્લાન બનાવવામાં આવ્યો છે. ત્યારે જિલ્લાની સરહદો પર આવેલ ચેકપોસ્ટ ઉપર વધુ સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જિલ્લામાં હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરતા શખ્સોને ઝડપી પાડી તેમના વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં જિલ્લામાં પોલીસે ૨૯ જેટલા શખ્સોને છરી, લોખંડના પાઈપ, લાકડાના ધોકા અને લાકડી સહિતના કેસમાં પોલીસે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી છે.

# પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈ સુરેન્દ્રનગર ખાતે સ્થાયી થયેલા ૪ વ્યક્તિ બન્યા ભારતના કાયમી નાગરિક



સુરેન્દ્રનગર :

કલેકટર કચેરી ખાતે લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. પ્રસંગ હતો પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈને સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાયી થયેલા ૦૪ વ્યક્તિઓને ભારતીય નાગરિક તરીકેના પ્રમાણપત્ર એનાયત કરવાનો. નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, જિલ્લા કલેકટર કે.સી.સંપટ, અગ્રણી મહેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવોના વરદહસ્તે ભારતીય નાગરિકતા અધિનિયમ-૧૯૫૫ની કલમ ૫(૧)(ઈ) અંતર્ગત ૦૪ વ્યક્તિઓને ભારતના નાગરિક તરીકેના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.

સુરેન્દ્રનગર જિલ્લામાં ઘણા લાંબા સમયથી માતા-પિતા સાથે પાકિસ્તાનથી આવીને વસેલા ભાવિનાબેન રમેશકુમાર મહેશ્વરી, નિશાબેન રમેશકુમાર મહેશ્વરી, હિંમતકુમાર રમેશકુમાર મહેશ્વરી અને મનોજકુમાર રમેશકુમાર મહેશ્વરીને તેઓના માતા-પિતાને વર્ષ ૨૦૦૭માં ભારતીય નાગરિકતા મળી હતી. ભારતીય નાગરિકતા અધિનિયમ-૧૯૫૫ની કલમ ૫(૧)(ઈ) ભારતીય નાગરિકતા મેળવવા અંગેની અરજી જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર કચેરી, સુરેન્દ્રનગર ખાતે અરજી કરતાં જરૂરી આધાર-પુરાવોની ચકાસણી કરી ગૃહ વિભાગ ગાંધીનગરને દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્તને ગૃહ વિભાગ દ્વારા મંજૂરી આપતા નાગરિકતા એનાયત કરવામાં આવી હતી.

ભારતની નાગરિકતા મળતાં લાગણીશીલ બની સ્થળાંતરીતોએ જિલ્લા વહીવટી તંત્ર અને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કામગીરીમાં જિલ્લા વહીવટી તંત્ર, નાયબ મામલતદાર સુરેશભાઈ જાસલપુરા, કલાર્ક શ્રી રવિરાજસિંહ ગોહિલ સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

સોહમ્ ૨૪
સત્યમેવ જયતે
Soham24
સાપ્તાહિક

નવા વિચારોનું નવું માધ્યમ દર ગુરુવારે પ્રસિદ્ધ થતું
સુરેન્દ્રનગરનુ લોકલ અખબાર સોહમ 24 સાપ્તાહિક

ક્યુ .આર સ્કેન કરો પી.ડી.એફ ડાઉનલોડ કરો
સોહમ્ 24 ન્યૂઝ ઈ-પેપર
પી.ડી.એફ (PDF) ડાઉનલોડ કરો ફક્ત એક જ ક્લિકમાં
સોહમ્ 24 મા સાપ્તાહિક
જાહેરાત માટે નો કોન્ટેક નંબર 75750 20982
90333 00345 વોટ્સએપ પર
સોહમ 24 સાપ્તાહિક સમાચાર વાંચવા માટે આપેલ નંબર પર અત્યારે જ " Hi " લખી મેસેજ કરો
સોહમ્ 24 ન્યુઝની વધુ માહિતી માટે અમારી વેબસાઈટ પર વિઝીટ કરો
WWW.SOHAM24.COM

OWNER, PRINTER & PUBLISHER, EDITOR : ROHITBHAI GHANSHYAMBHAI PARMAR, PRINTED AT ASHVJIT GRAPICM.J. GANDHI ROAD, SURENDRANAGAR, PUBLISHED FROM:Coz-way Road, Opp.Babu Nivash Wishvkarma Gas,Joravarnagar,tal.Wadhwan,Dist.SURENDRANAGAR (Gujarat)